શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
મે : ૨૦૧૮ ● અંક : ૧૧
પાના નં. ૧ ● કુલ પેજ : ૪૮

૧૫ મે, ૨૦૧૮ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૫-૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 061.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

**Girlie**™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com



**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ :

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Titakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat. India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material.

Add: Ramnagar, Dharsura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


Patel Tours & Travels®
CENTRALISE NO : (079) 26838788, 88661 55888
WWW.PTTBUS.IN
PATEL
NO. 1
Transportation In Gujarat
Online Booking:
www.pttbus.in
AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT
BUS AVAILABLE HIRE A.C NO A.C 3X2 & VOLVO 2X2 BUS
(A.C, NON A.C SLEEPER)
PALDI
8, Shorff Chembers,
Opp. Navchetan High School, Paldi, Ahmedabad.
M. 9925433888, 9925244253
RAJKOT
Nr. Big Bazar, 150ft Ring Road, Rajkot.
M. 9909022441
SATELLITE
Mans Complex, Jodhpur Char Rasta,
Satellite, Ahmedabad.
M. 7874278688, 9925244293
PUNE
Gogte Travels, Shop No. 29, Patil Plaza,
Mitramandal Chawk, Parvati, Pune-9.
M. 9689895487
S.G. HIGHWAY
Circle-P, Near Prahladnagar Garden, B/s.
Honest Restaurant, S.G. Highway, Ahmedabad.
M. 7874178688, 8866088818
SURAT
Hira Baug, Opp. H.P. Petrol Pump, Surat.
M. 9909977996
BARODA
Harikrupa Building, Nr. Pandya Bridge,
Chhani Road, Baroda.
M. 7874478688, 9925244275
JUNAGADH
Seem Complex, Majewadi Darwaja,
Rajkot Highway, Junagadh.
M. 9925244289
JAMNAGAR
Shop no.2, Shilp Apartment, Indira Marg,
Gurudwara, Jamnagar.
M. 9909009844
PARCEL SERVICE AVAILABLE
ALL ROUTE
PAY & TO PAY
BHUJ
Opp. V.D. High School, Bhuj.
M. 9925244259/60
e-mail:
patelinn@yahoo.com

વર્ષ-૩૧ ● અંક - ૧૧
૧૫ મે, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી લેખ**
- વિજ્ઞાને જાતીય વાસનાના ક્ષેત્રમાં સફળતા મેળવવાની બાકી છે! ............. **અશોક મહેતા**....૭

**વિચાર મંચ**
- મોબાઈલના આક્રમણ સામે લુપ્ત થઈ રહેલી પત્ર લેખનની કળા ...... **ડૉ. યાસીન દલાલ**....૯

**સફળતા**
- દરેક માણસ એના જીભની પાછળ છુપાયેલો હોય છે. જો એને સમજવો હોય તો એને બોલવા દો! ...... **ભોલાભાઈ ગોલીબાર,** વરિષ્ઠ પત્રકાર....૧૧
- પ્રમાણિક હોવું એ તમારી જીત છે! ........................... **પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર**....૧૩

**શિક્ષણ**
- ગુજરાતમાં શિક્ષણની કફોડી દશા – જવાબદારી લેવા શિક્ષણતંત્ર તૈયાર નથી! ............................ **ચંદ્રકાંત પટેલ 'સરલ'**...૧૫

**વાઇબ્રન્ટ હાસ્ય**
- કોફી ટેબલ બુકનાં આવા નામ ક્યારેય સાંભળ્યા છે?! ....................... **ચિત્રસેન શાહ**....૧૭
**નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)**

**સ્વાસ્થ્ય**
- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪મે – (૧) ..................... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૧૯
**ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**સંસ્કૃતિ**
- દાણા દાણા પર લખેલી છે સંસ્કૃતિની કહાણી! .................. **નજમા વાચ. ગોલીબાર**.....૨૧

**પ્રાણીપ્રેમ**
- કૂતરો - વફાદાર મિત્ર ............................................... **ડૉ. મિહિર એમ. વોરા**.....૨૩

**વ્યક્તિ વિશેષ**
- માનવસેવા એ જ પ્રભુસેવા મંત્રને ચરિતાર્થ કરતા .............. **કિરણ ચાંપાનેરી 'સેતુ'**.....૨૫
સૌરાષ્ટ્રના યુરોલોજીસ્ટ ડૉ. પ્રદીપ જીણાભાઈ કણસાગરા **ફ્રીલાન્સ પત્રકાર**

**વિવિધતા**
- પ્રતિભાવ ● અન્ય સંસ્થાઓના સમાચાર ............................................................ ....૨૯
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૨ .........................................**પ્રદીપ જોષી - આદિપુર**....૩૧
- પુસ્તક પરિચય ........................................................................ ...**હંસરાજ કંસારા**....૩૨
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : ગેમ : ૧૦ રૂા.ની નોટની કમાલ .... **ભાવના એ. ઝવેરી**....૩૩
- લઘુ કથા : મંગુ ........................................................................ **જાગૃતિ શાહ**....૩૪

**મેઘ ધનુષ**
- આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ : **'આરસી' શાહ** ● સિતારો : **પ્રભુલાલ સિધ્ધપુરા**. .૩૫
- આંસુ : **અલ્કા એ. સંઘવી** ● જગાડે એને : **ખત્રી હુસેન ઇસ્માઇલ**................ ...૩૫
- ગોઠડી : **રમીલા પી. આચાર્ય** ● ગઝલ : **મુરજી ચાવડા 'પ્રેમ'** ..................... ....૩૬
- સરોવરની સાંજ : **રમેશચંદ્ર વૈદ્ય** ● હાઈકુ, સુખદુખ : **અરવિંદ સોમૈયા** ............ ....૩૬

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ..................................................................................... ૩૭
- સમાજ સમાચાર ...................................................................................... ૩૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........................................... ૪૨


खईके पान महकवाला
महक गया, मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
₹ 1/-
PER PIECE
Maha Masti
MICHI'S
Pan Mahek
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

તંત્રીલેખ

# વિજ્ઞાને જાતીય વાસનાના ક્ષેત્રમાં સફળતા મેળવવાની બાકી છે!



અશોક મહેતા

*જે લોકો નિયમિતપણે વર્તમાનપત્રો વાંચતા હશે તેમને એ વાતનો ખ્યાલ હશે જ કે છેલ્લા કેટલાક સમયથી જાતીય વાસનાની અધમતાના સમાચારોએ હદ બહાર માઝા મૂકી છે. નાની બાળાઓ પરના બળાત્કારના કિસ્સાઓ દરરોજના સમાચારોની હકીકત બની રહેલ છે. કચ્છના નલિયા અને મુંબઈના બનાવો પણ તેનો પડઘો પાડે છે. એ સિવાય ભારતમાં ઠેર ઠેર બનતા બનાવો આપણે દરરોજ વર્તમાનપત્રોમાં વાંચતા રહીએ છીએ.*

*કુદરતે જાતીય વાસનાનું નિરૂપણ જીવસૃષ્ટિમાં એટલા માટે કરેલ છે કે તે થકી અનંતકાળ સુધી આ જીવસૃષ્ટિ અવિરતપણે ચાલતી રહે. ખૂબજ ઊંડાણથી વિચાર કરવામાં આવે તો જીવસૃષ્ટિને અવિરતપણે ચાલુ રાખવાનો કુદરતનો આ કિમિયો બેમિસાલ છે. પરિણામ સ્વરુપે પ્રકૃતિના દરેક પ્રકારના જીવમાં આ જાતીય વાસનાના કારણે વંશવેલો આગળ વધતો આવેલ છે. આ જાતીય વાસનાની તીવ્રતા કોઈ જીવમાં ઓછી તો કોઈ જીવમાં તેજ હોય છે. અન્ય જીવમાં ચોક્કસ હદ વટાવી ગયેલી પણ જોવા મળે છે. ઘણી વખત આ વાસનાની તીવ્રતાના કારણે કોઈ જીવ જાતીય સુખ માણવા અન્ય જીવ પર જબરદસ્તી પણ કરે છે. આ પ્રકારના દાખલા મનુષ્ય સિવાય અન્ય જીવસૃષ્ટિમાં પણ અવારનવાર બનતા જ હશે.*

*મનુષ્યનો દાખલો લઈએ તો સામાન્ય વ્યક્તિઓમાંથી કેટલીક વ્યક્તિઓની વાસનાની તીવ્રતા આપણે અવારનવાર વર્તમાનપત્રો દ્વારા જાણીએ છીએ. પરંતુ જ્યારે અન્ય રીતે પોતાની કારકિર્દીની ટોચ પર પહોંચેલ વ્યક્તિ તેમજ જાહેર જીવનમાં ખૂબ જ નામાંકિત થયેલ વ્યક્તિ પણ કુદરતે પોતાનામાં રોપેલ વાસનાની તીવ્રતાને રોકી શકતો નથી ત્યારે તે ખૂબ જ નાલેશીપાત્ર બને છે અને સારાયે સમાજમાં વગોવાઈ જાય છે તેમજ તિરસ્કૃત પામે છે. આ પ્રકારના દાખલાઓ માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાના કોઈ પણ દેશમાં બને છે. એક તરફ આશારામ અને અન્ય તરફ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પના સમાચારો આપણે વર્તમાનપત્રો દ્વારા જાણીએ જ છીએ.*

*આ પ્રકારના એકાદ દાખલાનું આપણે વિશ્લેષણ કરીએ.*

*આશારામ બાપુનો દાખલો તાજો જ છે. કહેવામાં આવે છે કે ભુજમાં લોકો ઈસ્ત્રી કરાવવા તેમને ત્યાં કપડા મૂકી જતા. ત્યારબાદ તેઓ ગાંધીધામમાં પણ રહ્યા. અહીં તેમના લગ્ન થયા અને લીલાશાહથી આકર્ષાઈ તેમના ચેલા પણ બન્યા. ત્યારબાદ તેઓ અમદાવાદ આવ્યા. જીવન ગુજરાન ચલાવવા ચાની કિટલી શરૂ કરી. મોટેરામાં ઝૂંપડી બનાવી ત્યાં રહેવા લાગ્યા. કદાચ આધ્યાત્મિક જીવ હતો. તેથી સાથે સાથે આધ્યાત્મિકતામાં પણ આગળ વધતા ગયા. મોટેરામાં જ્યાં રહેતા હતા ત્યાં આશ્રમની સ્થાપના કરી. પોતે આસુમલમાંથી આશારામ બન્યા. લોકો તેમના તરફ આકર્ષાવા લાગ્યા. તેમની ધાર્મિક તથા આધ્યાત્મિક વાતોમાં લોકોને રસ પડવા લાગ્યો. આશ્રમની વિશાળતા વધતી ગઈ. ત્યારબાદ અન્ય સ્થળોએ પણ આશ્રમ સ્થાપવાની શરૂઆત કરી. જોતજોતામાં આશ્રમોની સંખ્યા વધવા લાગી. લગભગ ૪૦૦ના આંકડે પહોંચી. રૂા. ૧૦,૦૦૦/- કરોડની સંપત્તિના સર્વેસર્વા બની ગયા. લાખો ભક્તો તેમનો બોલ્યો શબ્દ ઝીલવા લાગ્યા. લોકો તેમને ખરા દિલથી ધર્માત્મા માની નમન કરવા લાગ્યા. રાજ્યના મુખ્યમંત્રી જેવા મુખ્યમંત્રી પણ તેઓના આશીર્વાદ લેવા આવવા લાગ્યા.*

પરંતુ આ વ્યક્તિના શરીરમાં પણ વાસનાની તીવ્રતા ઉત્પન્ન થવા પામી. કદાચ આ વાસનાનું નિરૂપણ તેમના શરીરમાં શરૂથી જ હશે પરંતુ તે વાતનો ખ્યાલ આવી ન શક્યો અથવા કોઈને ખ્યાલ આવ્યો હોય તો શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી તેને દબાવી દેવામાં આવ્યો હોય. દિવસોદિવસ વાસનાની તીવ્રતાએ માઝા મૂકી. એ સમયે શુધ્ધ બુધ્ધિ ગુમાવી, ન કરવાના કામો કરી બેઠા. બળાત્કારની હદ સુધી તો પહોંચ્યા પરંતુ આવા કિસ્સા પ્રસિદ્ધિ ન પામે તેટલા માટે કહેવાય છે કે, જે તે વ્યક્તિના ખૂન કરાવવાની હદ સુધી પણ ગયા. જે વ્યક્તિને આધ્યાત્મિક રાહે ચાલવું જોઈએ તે વાસનાની મનોવૃત્તિના કારણે ક્યાંથી ક્યાં પહોંચી ગઈ! પરિણામ એ આવ્યું કે ખૂબ આદરને પાત્ર પહોંચેલ વ્યક્તિને, એક તરફ આખી દુનિયામાં બદનામી વહોરવી પડી, તો અન્ય તરફ જીવતે જીવ આ સંપત્તિ છોડી, બાકીની સારી જિંદગીને જેલમાં વિતાવવાના દિવસો આવ્યા.

અત્રે માત્ર ઉપરોક્ત એક જ ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવેલ છે. પરંતુ આ પ્રકારના બનાવો માત્ર ભારતીય સમાજમાં નહીં પરંતુ દુનિયાના કોઈ પણ દેશમાં બનતા રહે છે. સુસંસ્કૃત સમાજ, આધ્યાત્મિક્તા, સંયમિત જીવન વગેરે પ્રક્રિયાઓ પણ સમગ્ર સમુદાયને અસર કરી શકેલ નથી.

વિજ્ઞાને અનેક ક્ષેત્રોમાં પ્રગતિ સાધેલ છે પરંતુ જાતીય વાસનાના ક્ષેત્રમાં તે હજુ ધારી સફળતા મેળવી શકેલ નથી. તે જાતીય વાસનાને નિયંત્રિત રાખી શકેલ નથી. હજુ સુધી વિજ્ઞાનના સહારે આપણે એવા સમાજનું નિર્માણ કરી શકેલ નથી કે જેના થકી સમુદાયની દરેક વ્યક્તિ જાતીય વાસનાના ક્ષેત્રમાં સંયમિત રહે. વિજ્ઞાન માટે ભવિષ્યનો આ એક મોટો પડકાર છે. તેના થકી દુનિયાની માનવ વસતિ પર પણ નિયંત્રણ લાવી શકાશે.

૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**Mahalaxmi**
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 04-05-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**
Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

વિચાર મંચ

# મોબાઈલના આક્રમણ સામે લુપ્ત થઈ રહેલી પત્રલેખનની કળા



ડૉ. યાસીન દલાલ

અત્યારે દેશમાં મોબાઈલનો જમાનો છે. શાકભાજી વેચતા ફેરિયા પાસે પણ મોબાઈલ આવી ગયા છે. વિદ્યાર્થીઓ પાસે પણ મોબાઈલ હોય છે. આ ટેલિફોન ક્રાંતિના સારાં પરિણામ આવ્યાં છે, તેમજ કેટલાક દુઃખદ પરિણામ પણ આવ્યા છે. એક દુઃખદ પરિણામ એ છે કે આજે પત્ર લેખનની ટેવ તદ્દન ઘટી ગઈ છે. એક જમાનો એવો હતો કે જ્યારે મહાપુરુષોના પત્રોનો સંગ્રહ થતો અને પાછળથી એનું પુસ્તક પણ થતું. ગાંધી, નહેરુ, જયપ્રકાશ નારાયણ જેવા નેતાઓ દરેક પત્રનો જવાબ લખતા. જેલમાંથી નહેરુએ ઈંદીરા ગાંધીને લખેલા પત્રોનો એ સંગ્રહ પ્રગટ થયો છે. આ બધા પત્રોનું આજે દસ્તાવેજી મૂલ્ય છે. એમાં કેટલાક પત્રોમાં તો ઈતિહાસની અવિસ્મરણીય સામગ્રી સચવાયેલી પડી છે. વિશ્વના ઘણા મહાન નેતાઓના પત્રો લંડનની ઈન્ડિયન લાઈબ્રેરીમાં આજે પણ સચવાયેલા પડ્યા છે.

પત્રો લખવાની ટેવમાંથી પત્ર મૈત્રી શોખ એક જમાનામાં દુનિયાના બધા જ દેશોમાં ફેલાયેલો હતો. એમાંથી કેટલાક લોકોએ પ્રેમમાં પડીને લગ્ન પણ કર્યા છે. કેટલાક કિસ્સા એવા છે કે, બે મિત્રો દૂર દૂરના દેશોમાં રહેતા હોય, એમની વચ્ચે પત્રમૈત્રી બંધાય. વર્ષો સુધી ચાલે પણ બેમાંથી કોઈ એકબીજાને કદી મળ્યા ન હોય. આવો એક કિસ્સો જાણવા જેવો છે. દિલ્હીમાં રહેતા રાજીવ સેને એક વખત અમેરિકામાં રહેતા માર્ટિનને પત્ર લખ્યો. રાજીવને હોલીવુડની ફિલ્મોનો શોખ હતો. એ વીડિયો ફિલ્મ ઉપર એક સામયિક બહાર પાડતો હતો. એમાં કેટલીક ફિલ્મોની માહિતી ખૂટતી હતી. જે મેળવવા માટે એણે માર્ટિનને પત્ર લખ્યો હતો. માર્ટિને પત્રનો જવાબ ન આપ્યો. પણ એના એક સાથીદાર ડેરિકને જવાબ આપવા જણાવ્યું. ડેરિકે બહુ ઉષ્માભર્યો જવાબ આપ્યો. એટલું જ નહીં, પત્રના અંતે એમ પણ લખ્યું કે, તમને ફિલ્મો વિશે વધુ માહિતી જોઈતી હોય તો વિના સંકોચે જણાવશો. આમ બંને વચ્ચે પત્ર વ્યવહારનો એક સિલસિલો શરૂ થઇ ગયો. બંનેએ એકબીજાના શોખ જણાવ્યા. બંને વોલ્ટ ડિઝની, આલ્ફ્રેડ હિચકોક, ડેવિડ લિનના ખાસ ચાહક હતા. એમને બંનેને ગમતી ફિલ્મો પણ એક જ હતી. બંને લેખક હતા. બંનેને સંગીતનો પણ શોખ હતો. સ્વભાવની સમાનતાને લીધે બંને એકબીજાના ગાઢ મિત્રો થઈ ગયા. બંને પરણેલા છે. આજદિન સુધી એકમેકને મળ્યા પણ નથી. બંનેએ નક્કી કર્યું કે, એકબીજાના કુટુંબ નાના રાખવા અને એક બાળક સુધી મર્યાદિત રાખવા. બંને વહેમ અને અંધશ્રદ્ધામાં માનતા નથી, તેમ યુદ્ધમાં પણ માનતા નથી. બંને વ્યક્તિગત ગરિમા સ્વતંત્રતાને માન આપે છે.

મુંબઈમાં ડૉક્ટર લિઓ રિબેલો નામના ગૃહસ્થ રહે છે. તેઓ નેચરોપથીના ડૉક્ટર છે. મુંબઈના સત્તાવાળાઓએ એમને ટેલિફોન કનેક્શન આપ્યું, પણ કામચલાઉ હતું. એમની દલીલ એવી હતી કે, રાજ્ય સરકારના નિયમો મુજબ નેચરોપથી એ કોઈ માન્ય તબીબી વિદ્યા નથી. ડૉક્ટરે એમની પદવીનું પ્રમાણપત્ર રજૂ કર્યું. પણ સરકારે એમની દલીલ માન્ય રાખી નહીં. પરિણામે ડૉક્ટર અદાલતમાં ગયા અને જીતી ગયા. ત્રીસ દિવસમાં જ એમને કાયમી ટેલિફોન જોડાણ મળી ગયું અને અદાલતી દાવાનું રૂા. ૧૩,૬૫૦નો ખર્ચ પણ એમને મળી ગયો. એકવાર એ મુંબઈની લોકલ ટ્રેનમાં જઈ રહ્યા હતા. ત્યારે એમની નજર ઈલેક્ટ્રિક સ્વિચ ઉપર ગઇ જે ખુલ્લી હતી. ઘરે આવીને એમણે તરત રેલવેને પત્ર લખ્યો અને સ્વિચ તાત્કાલિક રિપેર કરવા જણાવ્યું. રેલવેએ તરત જવાબ લખીને એમની માફી માંગી અને એમને વળતરરૂપે રૂા. ૫૦નો ચેક પણ મોકલી આપ્યો. તે પછી એ કોલકાતા જવા વિમાનમાં બેઠા ત્યારે એમનું વિમાન બે કલાક મોડું હતું. એમની પાસે સામાન પણ વધારે હતો. વિમાન કોલકાતા બે કલાક મોડું પહોંચ્યું. કોલકાતા ઊતરીને એમણે જાણ્યું કે સામાન લઈ જવા માટે ટ્રોલી ન હતી તેમજ કોઈ મજૂર પણ નહોતા. એમને જાતે સામાન ઊંચકવો પડ્યો. પરિણામે એમને પીઠનો દુખાવો થઈ ગયો. ઈન્ડિયન એર લાઈન્સ સામે એમણે રૂા. ૪૦ હજારનો વળતરનો દાવો દાખલ કર્યો. એર લાઈન્સનું કહેવું છે કે એમના નિયમોમાં આવી કોઈ વળતરની જોગવાઈ નથી. પણ ડૉક્ટરનું કહેવું છે કે, ગ્રાહક સંરક્ષણ ધારામાં આવી જોગવાઈ છે જ.

ડૉક્ટર રિબેલો હંમેશાં અદાલતનો આશરો લેતા નથી. પણ અખબારોમાં

ચર્ચાપત્રો લખે છે. આજ સુધીમાં એમણે ૧૦૦૦ જેટલા ચર્ચાપત્રો લખ્યા છે. એમનું કહેવું છે કે આવા પત્રો મોરચાઓ કે સરઘસો કરતાં વધુ અસરકારક છે. એક ચર્ચાપત્ર લખવામાં માંડ પંદર મિનિટ જાય છે. એક મરાઠી દૈનિકમાં એક ચર્ચાપત્ર લખીને એમણે ફરિયાદ કરી કે કાંદિવલીમાં આરેનું દૂધનું કેન્દ્ર નથી. ચર્ચાપત્ર પ્રસિદ્ધ થયો એના બીજા જ દિવસે આરેના સર્કલ ઈન્સ્પેક્ટર જાતે ઘેર આવ્યા અને ખાતરી આપી કે, તમારી ફરિયાદ દૂર કરવા માટે આરેનાં ત્રણ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. આવા અનેક પત્રો પ્રસિદ્ધ થયા પછી અમેરિકાના 'ટાઈમ્સ' સામાયિકે એમનો ઈન્ટરવ્યૂ લીધો. ડૉ. રિબેલોનું કહેવું છે કે, જો અમેરિકામાં લાલફ નાદર નામનો માણસ ૧૯૬૪માં ઝુંબેશ ચલાવીને ગ્રાહક સંરક્ષણ ધારો લાવી શકતો હોય તો હું આવું કેમ ન કરી શકું.

પત્રોનો એક પ્રકાર પ્રેમપત્રોનો પણ છે. પ્રોતિમા બેદીએ જાણીતા ધારાશાસ્ત્રી રજની પટેલને લખેલા પ્રેમપત્રોનું એક પુસ્તક પણ પ્રસિદ્ધ થયું છે. એ પ્રસિદ્ધ થયું ત્યારે પુસ્તકે જબરી સનસનાટી મચાવી દીધી હતી. પ્રોતિમા બેદીએ એનો એકરાર કર્યો હતો અને કહ્યું હતું કે, એમના પત્રો એક સામાજિક સંબંધના પુરાવા જેવા હતા. પ્રોતિમાએ એના પ્રેમ પ્રકરણની સરખામણી મીરા-કૃષ્ણના સંબંધો સાથે કરી હતી અને એવી દલીલ કરી હતી, કે સ્ત્રી માટે સૌથી વધુ પવિત્ર વસ્તુ એની પ્રતીક્ષા છે. પ્રોતિમા એક ખ્યાતનામ નર્તકી હતી. એના કહેવા મુજબ એને આ પત્રો પ્રગટ થવાથી ભારે પીડા થઈ હતી.

કેટલાક મહાપુરુષો પણ એમને લખેલા પ્રેમપત્રો બદલ ભારે વિવાદાસ્પદ બન્યા છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ એમિલિ નામની ઓસ્ટ્રિયાની યુવતીને ચાહતા હતા. એમણે એમિલિને કેટલાક યાદગાર પ્રેમપત્રો પણ લખ્યા હતા. સુભાષ બાબુનું વિમાન અકસ્માતમાં અવસાન થયું. એ પછી એમિલિનું શું થયું એ જાણવાની એમના મિત્રોમાં ભારે ઉત્સુકતા હતી. સુભાષબાબુના મિત્ર નાથાલાલ એમિલિને મળવા ગયા ત્યારે એમને જાણવા મળ્યું કે, એમિલિ એક ભારતીયને પરણી હતી. એટલું જ નહીં, પણ હિંદી સંસ્કૃતિ પણ અપનાવી હતી. ૧૯૯૧માં એમિલિનું ૮૫ વર્ષની ઉંમરે જર્મનીમાં અવસાન થયું. તેઓ મૃત્યુ સુધી નેતાજીની સ્મૃતિમાં જીવ્યાં હતાં.

સુભાષબાબુ અને એમિલિ વચ્ચે નિયમિત પત્રોની આપ-લે થઈ હતી. ૧૯૩૪થી ૧૯૪૨ વચ્ચે લખાયેલા ૧૬૨ પત્રો પુસ્તકરૂપે પ્રસિદ્ધ પણ થયા હતા. 'આઝાદ હિંદ ફોજ'ના વડા સુભાષબાબુનું આ પત્રોમાં એક બિલકુલ જુદું જ વ્યક્તિત્વ જોવા મળે છે. અહીં સુભાષબાબુ કોઈ ફોજના વડા નહીં પણ એક અત્યંત ઊર્મિશીલ પ્રેમી તરીકે દેખાય છે. એમિલિ માંદી પડી અને હોસ્પિટલમાં ઑપરેશન કરાવ્યું ત્યારે સુભાષબાબુએ અનેક પત્રો લખીને એની તબિયતની પૂછપરછ કરી હતી. એમિલિએ નાતાલ ઉપર એમને તસવીરોની એક કિતાબ ભેટ મોકલી હતી. એ બદલે એમણે એમિલિનો ખાસ આભાર માન્યો હતો. એમિલિને બીમારીમાં કઈ દવા લેવી એનું માર્ગદર્શન પણ એમણે આપ્યું હતું. એમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું ત્યારે એના સમાચાર આપતા એમણે લખ્યું હતું કે, ભારત એક વિશિષ્ટ દેશ છે. અહીં લોકો સત્તામાં પૂજાતા નથી પણ સત્તા છોડી દે છે ત્યારે પૂજાય છે. મારું લાહોરમાં રાજીનામું આપ્યા પછી જે સ્વાગત થયું તે હું પ્રમુખપદે હતો એના કરતાં પણ વધુ જોરદાર હતું. સુભાષબાબુ આઝાદ હિંદ ફોજના વડા તરીકે જેટલા ખડતલ હતા તેટલા જ અંગત જીવનમાં સંવેદનશીલ હતા. એકવાર તો એમણે લખ્યું હતું કે, 'આ ભવમાં નહીં તો આવતા ભવમાં આપણે મળીશું તો ખરા જ. હું ભલે તારાથી દૂર પડ્યો હોઉં, છતાં તું તો મારા સાન્નિધ્યમાં જ છે. તું ચિરકાર મારા અંતરમાં જ નિવાસ કરી રહી છે.'

ગાંધીજી પોતાને મળેલા દરેક પત્રોનો નિયમિત જવાબ આપતા. એટલું જ નહીં પણ પત્ર જે ભાષાનો હોય એ ભાષામાં જ જવાબ અપાય. પત્ર ઉર્દુમાં હોય તો જવાબ પણ ઉર્દુમાં હોય. જવાહરલાલ નહેરુ પણ પોતાની પુત્રી ઈંદીરાને પ્રિયદર્શિની તરીકે જેલમાંથી નિયમિત પત્રો લખતા.

આજે 'ઈન્ટરનેટ ચેટિંગ' થાય છે પણ ટેલિફોન કે ઈન્ટરનેટ પત્ર વ્યવહારનું સ્થાન કદી લઈ શકે નહીં. યુરોપના નાગરિકો મોટેભાગે દરરોજ ડાયરી લખે છે. આમ લખવાની ટેવ બાળપણથી જ પડતી જાય છે. આપણા કેટલાક નાગરિકો હવે પત્ર લખતાં જ નથી. એટલું જ નહીં, પણ કોઈનો પત્ર આવે તો એનો જવાબ આપવાની તસ્દી પણ લેતા નથી. સંસ્કૃત નાટકોના જમાનાથી સંદેશા મોકલવાની પ્રથા અસ્તિત્વમાં આવી છે. 'શાકુંતલ'માં શકુંતલા પોતાની સખી પ્રિયંવદાની સલાહ માનીને દુષ્યંત રાજાને પત્ર લખે છે. શાંતારામની ફિલ્મમાં આ પત્ર ગીતરૂપે આવે છે, જેના શબ્દો છે 'ઓ નિર્દય પ્રીતમ'. ગુજરાતી સાહિત્યમાં પત્રરૂપે આખી નવલકથા પણ લખાય છે. સાહિત્યમાં એક જમાનામાં પત્ર વ્યવહારની બોલબાલા હતી. કેટલાક પત્રોમાં સાહિત્યની કેટલીક સમસ્યાઓની પણ ઊંડી ચર્ચા કરવામાં આવી છે. ગાંધીજી પણ પરમ આસ્તિક હતા. પણ ગોરા નામના નાસ્તિક સાથે એમને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧ ઉપર)**

સફળતા

# દરેક માણસ એની જીભની પાછળ છુપાયેલો હોય છે. જો એને સમજવો હોય તો એને બોલવા દો!



ભોલાભાઈ ગોલીબાર

આપણે હંમેશાં એવું વિચારીએ છીએ કે કાશ, કોઈ એવું મળી જાય જે આપણી અંદરની ઉર્જાને જગાવી જીવનને સમૃદ્ધ કરી દે. પણ સત્ય એ છે કે ઉર્જા તો આપણા બધાની અંદર છે, બસ જાગૃત કરવાની છે.

એક વખત સ્વામી વિવેકાનંદ સવારે એક કૂતરાને સહેલ કરાવી રહ્યા હતા. અચાનક એક યુવક આવ્યો અને બોલ્યો, 'સ્વામીજી, મારી મદદ કરો. હું દિવસ-રાત મહેનત કરું છું, પછી પણ સફળતા મળતી નથી. જ્યારે મારા મિત્રોએ ઓછા સમયમાં પણ મોટી સફળતાઓ મેળવી છે. હું ક્યારેક ક્યારેક ડિપ્રેશનમાં પણ જતો રહું છું.'

સ્વામીજીએ કહ્યું, 'હા બરાબર, હું તારી સમસ્યાનું સમાધાન કરી આપીશ. પણ તું થોડીવાર આ કૂતરાને સહેલ કરાવીને આવ.'

યુવક કંઈ બોલ્યા વગર કૂતરાને સહેલ કરાવવા ચાલ્યો ગયો. લગભગ અડધો કલાક પછી એ યુવક પાછો આવ્યો તો સ્વામીજીએ કહ્યું, 'આ શું! તારા ચહેરા પર કોઈ થાક દેખાતો નથી, જ્યારે કે આ કૂતરો થાકેલો દેખાય છે. બધું ઠીક તો છે ને?'

યુવકે કહ્યું, 'સ્વામીજી, મારું બધું ધ્યાન આ કૂતરાને સહેલ કરાવવા પર હતું. પણ આ કૂતરો અજીબ છે. જ્યારે કોઈ બીજા કૂતરાને જોતો તો ચિલ્લાતો અને એની પાછળ દોડવાનું શરૂ કરી દેતો. જ્યારે કોઇ કચરાના ઢગલામાં પડેલું ખાવાનું જોતો તો એ વાસી, સડેલા ખાવા તરફ જાય. આ કારણે કૂતરો થોડીવારમાં થાકી ગયો.'

સ્વામી હસી પડ્યા અને બોલ્યા, 'મળી ગયો ને તને તારા પ્રશ્નનો જવાબ?'

યુવકને કંઈ સમજાયું નહીં. સ્વામીજીએ કહ્યું, 'આ કૂતરાની જેમ તું પણ સીધા પોતાના ધ્યેયના રસ્તા પર ચાલવાના બદલે નક્કામા અહીં તહીં નકારાત્મક ચીજો તરફ ભાગતો રહે છે અને નકામી વાસી વાતો પાછળ લાગેલો રહે છે. જે વીતી ગઈ છે, જે હવે કોઈપણ પરિસ્થિતિમાં પાછી ફરવાની નથી, જેના કારણે તમે ધ્યેયથી ભટકી જાઓ છો. એટલે જરૂરી છે કે પોતાની ઉર્જાને જાતે ભેગી કરો અને ધ્યેય તરફ ચાલતા રહો.'

સ્વામીજીની વાત સાંભળી યુવકની આંખમાં ચમક આવી ગઈ. જાણે એને જીવનને અલગથી જોવાનો નજરિયો મળી ગયો.

મિત્રો, શું આપણે આપણી રૂચિને આધાર માની આપણી ઉર્જાને ભેગી કરી શકીએ છીએ અને બીજાને ફૉલો કરવાનું છોડી શકીએ છીએ. જો આપણે એવું કરી શકીએ તો જીવન સફળતાનો માર્ગ સરળ બનશે કારણકે આપણી ઉર્જા જ આપણી સંપત્તિ છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## લુપ્ત થઈ રહેલી પત્રલેખનની કળા

(અનુસંધાન : પાના નં.-૧૦ ઉપરથી ચાલુ)

ઈશ્વરના અસ્તિત્વ અંગે લાંબો પત્ર વ્યવહાર થયેલો. જેની પુસ્તિકા પણ પ્રગટ થઈ છે. ગાંધીજી દરરોજ લાંબી પદયાત્રાઓ કરતા અને અનેક સભાઓને સંબોધન કરતા. આટલી પ્રવૃત્તિમાં એમને અખબારોનું સંપાદન કરવાનો અને દેશ દુનિયામાંથી મળેલા સંખ્યાબંધ પત્રોના જવાબ આપવાનો સમય ક્યાંથી મળતો હશે એ જ પ્રશ્ન છે.

પત્રલેખન પણ એક કળા છે. કેટલાક નેતાઓ અને સાહિત્યકારો ખૂબ લાંબા અને વિગતપૂર્ણ પત્રો લખતા હતા. આ પત્રો આજે એ જમાનાના ઐતિહાસિક દસ્તાવેજ જેવા બની ગયા છે. આજે જે કળા લગભગ અલિપ્ત થઈ રહી છે એને એક જમાનામાં બહુ મોટું મહત્ત્વ આપવામાં આવતું. ટેલિફોનના વાયર નિર્જીવ હોય છે પણ પત્રના શબ્દો લાગણી અને ભાવથી ભરપૂર હોય છે. ગમે તેટલી સંદેશા વ્યવહારની નવી ટેકનિક શોધાય તો પણ એ કદી પત્રનું સ્થાન લઈ શકશે નહીં. કેટલાક સાહિત્યકારોએ લખેલા પત્રો એમની બીજી સાહિત્ય કૃતિઓ જેટલા જ ચિરંજીવ અને અમર છે. સંશોધનમાં પણ આ પત્રો ખૂબ ઉપયોગી બની રહે છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !


**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીચા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

સફળતા

# પ્રમાણિક હોવું એ તમારી જીત છે!



પાર્થ દવે - પત્રકાર

*નંબર* : ૧.
*નામ* : દત્તુભાઈ ભાણાભાઈ પટેલ.
*ઉંમર* : ૬૦ વર્ષ.
*કામ* : રિક્ષા ચલાવવાનું.

દત્તુભાઈ રાજપીપળામાં આવેલી કન્યાશાળાની પાછળ રહે. એક દિવસ સ્કૂલ કમ્પાઉન્ડમાં તેમને સ્કુટર પાસેથી લેડીઝ પર્સ મળ્યું. અંદર બીજી બધી વસ્તુઓની સાથે કિંમતી સોનાના ઘરેણા હતા. દત્તુભાઈએ તે પાકિટ સ્કૂલના આચાર્યને આપી દીધું. આચાર્યે સોનાના ઘરેણાં અને રોકડ તપાસી, છાપાની ભાષામાં કહીએ તો પુષ્ટી કરી જે-તે માલિક મહિલા સુધી પહોંચાડી દીધી.

★

*નંબર* : ૨
*નામ* : ઉમંગ પ્રફુલ્લભાઈ અમલાણી.
*કામ* : કદાચ વિદ્યાર્થી!

ઉમંગને પોરબંદરની જનકપુરી સોસાયટીમાં રાતના એક પાકીટ મળ્યું. જેમાં ખાસ્સા એવા રૂપિયા, એ.ટી.એમ. કાર્ડ અને અગત્યના કાગળો હતા. ઉમંગે પાકીટના માલિકને શોધવાનું શરૂ કર્યું અને તેના માલિકને પાકીટ પરત કરવામાં આવ્યું.

★

*નંબર* : ૩
*નામ* : હીરાભાઈ
*ગામ* : કોડાય
*કામ* : ચાયની દુકાન.

માંડવી તાલુકાના રાયણ પાટિયા પાસે બાઈક પર જતા એક વેપારીની લાખો રૂપિયા ભરેલી બેગ પડી ગઈ. આ સ્થળે ચાય બનાવતા કોડાયના હીરાભાઈની નજર પડી. તેમણે તે બેગ સાચવીને લઈ લીધી. વેપારી હાંફળાફાંફળા થતા પાછા આવ્યા અને પાટિયા પાસે ઊભેલા લોકોને બેગ અંગે પૂછપરછ કરી. હીરાભાઈએ તેમને બેગ પાછી આપી દીધી. વેપારીએ તેમને બેગમાંથી જોઈએ તેટલી બક્ષીસ લઈ લેવા માટે કહ્યું. પરંતુ હીરાભાઈએ તેનો સાભાર અસ્વિકાર કર્યો.

આ ત્રણ આપણા જ દેશ, રાજ્યમાં અલગ અલગ જગ્યાએ બનેલી ઘટનાઓ છે. ત્રીજી તો તાજેતરની જ, આપણા માંડવીમાં ઘટેલી ઘટના છે. કદાચ તમને તે વાંચવામાં પણ આવી હોય.

આપ્યા તે ઉદાહરણોમાં કદાચ નામ, સ્થળમાં વારાફેરી હોય. કદાચ માહિતીદોષ પણ હોય. અહીં માત્ર ઉદાહરણ તરીકે લો તો પણ ચાલશે. મૂળ વાત છે પ્રામાણિકતાની, હોનેસ્ટીની, નીતિની. 'તમે સવારે ઉઠો છો અને રાત પડે ત્યાં સુધી કામ, નોકરી, ધંધો જે પણ છે તે કરીને પાછા આવો છો ત્યાર સુધીમાં વચ્ચે કેટલું જૂઠું બોલો છો?' એમ મારે નથી પૂછવું! અલબત્ત, એમ પૂછવાનું હવે બંધ જ થઈ ગયું છે. ગાંધી એક જ હોય અને એ બનવું ભયંકર અઘરું છે...

વાત છે, નીતિની, વફાદારીની. પ્રમાણિકતાનો સરળ સમજાય એવો અર્થ ડિક્શનરીમાં જોઈએ તો 'હોનેસ્ટી' થાય છે, ઈન્ટેગ્રિટી થાય છે. સાર્થ જોડણીકોશમાં જોઈએ તો 'ચોખ્ખો માણસ' બરાબર પ્રમાણિક લખેલું છે! ઘાલમેલ ન કરે તેવો માણસ. અર્થાત્ પ્રમાણિક માણસ, હોનેસ્ટ મેન! વેલ, તમે 'ચોખ્ખા માણસ' છો ખરા? હૃદય પર હાથ રાખીને અને મગજ ભેગું રાખીને કહેજો કે, તમને રસ્તા પરથી દોઢ-બે લાખની બેગ મળે તો તમે શું કરો? ખાસ તો એ કે તમને એ સમયે કોઈ જોનાર નથી...! આનો જવાબ આપવો અઘરો છે. દત્તુભાઈ કે ઉમંગ કે ચાવાળા હરીભાઈ જેવી હિંમત જોઈએ તે માટે. ખરેખર હિંમત અને બહાદુરી અહીં કામ આવે છે. જેમ ગાંધી વધુ હિંમતવાન હતા - છે તેમ... ન દેખાય તેવી હિંમત!

થોડા દિવસો પહેલા મુંદ્રાથી દાહોદ સાંજે પાંચ વાગ્યાની બસમાં આવવાનું થયું. તેમાં પપ્પાનું વોલેટ ભૂલાઈ ગયું. ૧૦-૧૨ હજાર રૂપિયા, એ.ટી.એમ. અને અગત્યના કાગળિયા હતા. આવું થાય એટલે આપણને પહેલો વિચાર એવો આવે કે, 'ગયું! હવે કાંઈ ન થાય. આજના જમાનામાં કોઈ પાકીટ પાછી આપવા આવશે?' પણ આવ્યું. કંડક્ટર ભાઈએ તે વૉલેટ ભચાઉ ઑફિસે આપી દીધું. બધું એમ જ હેમખેમ હતું. એક નોટ પણ આડીઅવળી નહોતી થઈ. દાનાઈ આને કહેવાય. બાકી 'મને ખબર નથી' પ્રકારનો યુઝવલ જવાબ તે આપી જ શકત. આ ઘટના પછી મેં અન્ય એવા હોનેસ્ટ માણસો શોધ્યા. છાપા ફંફોસ્યા. આશ્ચર્ય વચ્ચે પ્રમાણમાં સારા એવા મળ્યા.

ઈચ્છા તો એવી થાય છે કે, આ પ્રકારના લોકોને ભેગા કરીને તેમનું સન્માન કરીએ. જોકે ઘણી જગ્યાએ તે થાય જ છે.

આજે આપણે મશીનનો ઉપયોગ કરતા કરતા ખુદ આર્ટીફિશિયલ થઈ ગયા છીએ. માટે નીતિ, વફાદારી, પ્રમાણિકતાની વાતો ઈમ્પોસીબલ લાગે છે. લાઈક, 'આજના જમાનામાં જીવવું હોય તો 'બધું' કરવું જ પડે!' તમારો દૂધવાળો દૂધમાં પાણી ભેળવે છે? રોજ? તમને લાગે છે? તમને એવું લાગ્યું હશે ત્યારે તમે દૂધવાળો ચેન્જ કરી નાખ્યો હશે. માટે 'આ જ પ્રેક્ટિકલ રસ્તો છે' વાળી વાત સો ટકા સાચી નથી. પ્રેક્ટિકલ રસ્તો એક્ચ્યુઅલી પ્રમાણિક રહેવામાં છે. લાંબાગાળે ફાયદો તેમાં છે. ઊભા રહો, કંઈ પણ વિચારતા પહેલાં આગળનું વાંચી જાવ.

તમારો દૂધવાળો અઢી લિટરના દૂધમાં અઢી લિટર દૂધ જ આપે છે, તો તેની જીત છે. તેને રાતના નિંદર સારી આવતી હશે. કોઇ ડૉક્ટરે તમને એવું કહ્યું છે કે, તમને કોઈ દવાની જરૂર જ નથી. ટેન્શન ન લો, તમે ફાઇન જ છો. આવો એકાદ અનુભવ તો થયો હશે કે ડૉક્ટરે સાચી સલાહ આપી હોય. એ ડૉક્ટર પ્રત્યેનો આદર આખી જિંદગી તમારી આંખોમાં જોઈ શકાશે. તે આદર ને સન્માન ડૉક્ટરની જીત છે. તમારો એવો કોઇ મિત્ર હશે જે પરીક્ષામાં બધી સગવડ હોવા છતાં પણ ચોરી નહીં કરતો હોય અર્થાત્ કોપી નહીં કરતો હોય. કદાચ તમે પણ એવા હશો જ કે તમારા પપ્પા ટીચર, પ્રિન્સિપાલ કે શિક્ષણ અધિકારી હોવા છતાં પણ તમે તેનો લાભ નહીં લીધો હોય કોઈ જગ્યાએ. તમે ૭૫ ટકામાં જ સંતોષ માન્યો હશે એમ વિચારીને કે ચોરીના ૮૫ ટકા કરતાં મહેનતના ૭૫ ટકા સારા! લોકો હસતા હશે તમારી મૂર્ખાઇ પર, પણ એમને ક્યાં ખબર છે કે પરિણામમાં ૭૫ ટકા જોઈને તમને કેટલો આનંદ આવે છે. એ તમારી પોતાની જીત છે... તમારી મહેનતની જીત છે... તમારા ઘરે કામ કરવા આવતી નોકરાણી કોઈ વાસણ નથી ઉપાડી જતી, તમારા પેન્ટના ખિસ્સામાં ભૂલાઈ ગયેલી ૫૦૦ની નોટ તમને પાછી આપે છે, તે તેની પ્રમાણિકતાની જીત છે. અગાઉ કહ્યું એમ, આ બહુ અઘરું છે, પણ અશક્ય નથી.

પ્રમાણિકતા ખાલી પૈસાથી જ તોલી શકાય એવું નથી, ઘણી રીતો છે. પાક્કા ભાઇબંધ પ્રમાણિક જ હોય. ઘણા એક ઘરમાં પણ પ્રમાણિક નથી હોતા. આખો દિવસ ઘરમાં જ લોકો એકબીજા સામે જૂઠું બોલ્યા કરે છે. છોકરીને છોકરો જોવા આવે ત્યારે આજુબાજુમાંથી નકલી ફર્નિચર રાખનારાઓ અને નકલી ચહેરાઓ પહેરી નાખનારાઓ અને નકલી આદતો પાળનારાઓ લવ-મેરેજ કરનારાને જોઈને આશ્ચર્યથી ફાટી જાય છે, કે આ લોકોને તો એકબીજાની બધી જ ખબર છે. હાઉ કેન ઇટ પોસીબલ? અમુક જગ્યાએ સંબંધના પાયામાં જ દોંગાઈ હોય છે.

પૈસા કમાવવા એ ગુનો નથી. અને જરૂરી નથી કે દુનિયાભરમાં તમામ પૈસાદાર માણસો અપરાધી કે ખરાબ કે શોષણખોર જ હોય. નીતિ ને ખુદ્દારીથી પણ પૈસા કમાઈ શકાય છે. એ પાછળ મહેનત અને ડેડીકેશન જોઈએ. આ વાત એટલે કરી કે, અપ્રમાણિકતાના મોટાભાગના બીજ અન્યની સમૃદ્ધિ જોઈને નખાતા હોય છે.

આજે આવા વિચારો આવવાનું કારણ ગુજરાતી ચલચિત્ર 'ચાલ મન જીતવા જઈએ' છે. ખુમારી ને ખુદ્દારીથી લીધેલા નિર્ણયો અને નીતિથી કરેલા કામો તમારી જીત છે. તમારી નજરોમાં જે જીત દેખાય છે, તમારા ટટ્ટાર સીનામાં તે જીત ઝળકે છે. તમારા આત્મવિશ્વાસમાં પ્રમાણિકતાનો રણકો વાગે છે. આ વધારાના ફાયદા છે પ્રમાણિકતાના! જેમકે, ઈમાનદારીપૂર્વક બનેલી આ ફિલ્મ ખુદ કોઈ વધારાના તામઝામ કે માર્કેટિંગ વિના ધૂમ ચાલી રહી છે અને પૈસા રળી રહી છે.

- **જે બાત!**

વિજેતાઓની વર્તણૂક આવડવી અને વિજેતા બનવું તે બે અલગ બાબત છે. (ગુજરાતી ફિલ્મ 'ચાલ મન જીતવા જઈએ'માંથી થોડા ફેરફાર સાથે) ■

*સફળતા હંમેશાં સારા વિચારોથી આવે છે અને સારા વિચારો હંમેશાં સારા માણસોના સંપર્કમાં રહેવાથી આવે છે.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ધ ભુજ મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

શિક્ષણ

# ગુજરાતમાં શિક્ષણની કફોડી દશા જવાબદારી લેવા શિક્ષણતંત્ર તૈયાર નથી!!

• ચંદ્રકાંત પટેલ 'સરલ' •

ગુજરાતમાં છેલ્લાં એકાદ દસકાની આસપાસ પસાર થયેલ સમય દરમિયાન ગુજરાતનાં શિક્ષણનું સ્તર ધીમે ધીમે નીચે ઊતરતું આવ્યું છે અને આજે સાવ ખાડામાં ગબડી પડ્યું છે. ગુજરાતનાં શિક્ષણમંત્રીએ માત્ર કન્યાઓને શિક્ષિત કરવા શરૂ કરેલી ઝુંબેશમાં જ રચ્યાં-પચ્યાં રહી વિદ્યાર્થીઓને કેવાં પ્રકારનું શિક્ષણ અપાઈ રહ્યું છે તે દિશામાં જરા પણ તપાસ ન કરી અને પરિણામે આજે પરિસ્થિતિ એવી આવી કે શિક્ષણની બગડતી સ્થિતિ સુધારવા દોડાદોડી કરવી પડે છે. ગામડાંઓમાં તો શિક્ષણનું સ્તર સાવ નીચી સપાટીએ પહોંચી ગયું છે.

એક સર્વે મુજબ ગુજરાતમાં સરકારી શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓના સરેરાશ દેખાવની સરખામણીમાં લાગે છે કે, મૂળભૂત શૈક્ષણિક કુશળતા ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, અને માતૃભાષા ગુજરાતીમાં પણ નબળી દેખાઈ રહી છે.

ઈ.સ. ૨૦૦૭ થી ઈ.સ. ૨૦૧૪ વચ્ચેના ગાળામાં એન્યુઅલ સ્ટેટ્સ ઑફ એજ્યુકેશન રિપોર્ટના પરિણામ વચ્ચે સરખામણી કરવામાં આવે તો આંકડા જાણી શકાય છે. એકવીસ હજારથી વધુ વિદ્યાર્થીઓનો સરવે કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૨૦૧૪ ના આંકડાની વાત કરવામાં આવે તો માત્ર ૧૪% ત્રીજા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ જ બાદબાકીનું જ્ઞાન ધરાવતા હતાં. ૮૬% વિદ્યાર્થીઓને બાદબાકી આવડી નહોતી. બે આંકડાની બાદબાકી કરવામાં પણ વિદ્યાર્થીઓ નિષ્ફળ રહ્યા છે.

ઈ.સ. ૨૦૦૭ માં ૩૪ ટકા જેટલા વિદ્યાર્થીઓ જ સાદા ડિવિઝન કરવાની સ્થિતિમાં હતાં. અંગ્રેજીમાં ગુજરાતી વિદ્યાર્થીઓની નબળાઈ સ્પષ્ટપણે દેખાઈ આવી છે. ૪૧ ટકા જેટલા ધોરણ પાંચના વિદ્યાર્થીઓ સાદા શબ્દો વાંચી શકવાની સ્થિતિમાં જ હતા. બાકીના ૫૯% વિદ્યાર્થીઓ સાદા શબ્દો વાંચવામાં સદંતર નિષ્ફળ રહ્યા હતા. મિત્રો! આ છે આપણું "ગુજરાત મૉડલ!!!" જ્યાં ભણતરમાં પણ ઢગલો 'ઢ' દેખાય છે. ઈ.સ. ૨૦૧૪ માં આંકડો કે જે ૪૧% વિદ્યાર્થીઓના વાંચનનો હતો તે ઘટીને ૧૦૦માંથી માત્ર ૨૪.૫% વિદ્યાર્થીઓ જ સાદા શબ્દો વાંચવામાં સફળ થયા હતા. ૭૮% વિદ્યાર્થીઓ સાદા શબ્દો વાંચી શકે તેવી સ્થિતિમાં ન હતા અને હજી પણ નથી. આ આંકડો ખૂબજ ચિંતા ઉપજાવે તેવો છે.

ખાનગી શાળાઓએ પણ હરખાવા જેવું નથી. ત્યાં પણ કાગડા કાળા જ છે. ખાનગી શાળાઓમાં તો વ્યાકરણને નામે મોટું ચકરડું દેખાય છે. વિદ્યાર્થીઓની દર અઠવાડિયે લેવાતી ટેસ્ટ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને અપાતા પ્રશ્નપત્રો જ જ્યાં અનેક વ્યાકરણ ભૂલો સાથેનાં હોય છે. અનુસ્વાર, હસ્વઈ, દીર્ઘઈ કે વિરામચિહ્નોનો તો પત્તો જ નથી હોતો.

હજારો - લાખો શાળાઓ કાઢવાથી કોઈ અર્થ સરતો નથી. એ શાળાઓમાં અભ્યાસાર્થે આવતાં વિદ્યાર્થીઓ માનસિક રીતે બૌદ્ધિક અને કેળવાયેલા બને છે કે નહિ તે મહત્ત્વનું છે. અત્યારની શિક્ષણસંસ્થાઓ પોતાનો આર્થિક લાભ જુએ છે. નફા-તોટા, ખોટના હિસાબ ઉપર જ ચાલનારી આ શિક્ષણ સંસ્થાઓ વેપારી હરોળમાં બેસી ગઈ છે. વિદ્યાર્થી ભણે કે ન ભણે પણ શાળા સંચાલકો તથા ભણાવનાર શિક્ષકને થેલો એક નાણા વળતરરૂપે મળે છે કે નહિ એજ જોવાય છે. બસ અહીંથી જ શિક્ષણનું પતન શરૂ થાય છે. આજે વિદ્યા વેચાઈ રહી છે. અગાઉ વિદ્યાનું દાન થતું હતું.

ભારતનાં ઘણાં એવાં રાજ્યો છે કે જ્યાં ગુજરાતની જેમ જ શિક્ષણનું સ્તર કથળ્યું છે. છતાં પણ એ રાજ્યો પોતાનાં રાજ્યોમાં અપાતું શિક્ષણ સર્વશ્રેષ્ઠ છે તેમ માની ભ્રમો જ ચલાવે છે. શિક્ષણખાતું પણ પોતાના શાસકો સામે મૂંગુ બની, ચલાવાતા ભ્રમને પોષે છે. પરિણામે ખરાં શિક્ષણ અને કેળવણીથી વિદ્યાર્થીઓને વંચિત રહેવું પડે છે.

નાનપણથી સ્વતંત્ર અને માબાપનું લાડકવાયું બાળક જ્યારે પ્રથમ શાળામાં પ્રવેશે છે ત્યારે શાળાનું વાતાવરણ તેને બંધનકર્તા લાગવા માંડે છે. પરિણામે તેનો સ્વતંત્ર મિજાજ ગુંગળાવા માંડતા તે સ્વતંત્રતા ભોગવવા મરજી મુજબ વર્તન કરે છે. શિસ્તને તોડે છે અને શાળામાંથી નાસી જવાના પ્રયાસો કરે છે ત્યારે શિક્ષકને લાગે છે કે બાળકો ઉધ્ધત, ઉચ્છૃંખલ અને સ્વચ્છંદી છે. પરિણામે તેના પર કડકાઈ અને દબાણ શરૂ થાય છે. આ કારણથી વિદ્યાર્થીનું જીવન પ્રારંભકાળથી જ કલુષિત બનવા લાગે છે.

પ્રાથમિક સ્તરથી શરૂ થતી કેળવણી, એ ભવિષ્યનો પાયો છે. અહીંથી જ નવી દિશાનો ઉઘાડ થતો હોય છે. શાળામાં આવતાં વિદ્યાર્થીઓ પોતાની સાથે અનેક પ્રકારની રૂચિ-અરુચિ લઈને આવતા હોય છે. એ રૂચિ-અરુચિને સમજવા જેટલી શક્તિ શિક્ષકોએ કેળવી તેને ઘડવા અલગ અલગ પ્રકારના સ્તારો બનાવી તેને અભ્યાસમાં રસ લેતા કરવા પડશે.

બાલકેળવણીમાં ઈન્દ્રિયોની કેળવણીને તેમજ બુદ્ધિના વિકાસને જેટલું મહત્ત્વ આપીએ તેટલું જ મહત્ત્વ હૃદયની કેળવણીને અને સામાજિક કેળવણીને અપાય તે જરૂરી

છે. બાળકમાં માનવતા પ્રગટાવવા માટે અણિશુદ્ધ પ્રયત્નો આપણે નહીં કરીએ તો આપણી તમામ કેળવણી વાંઝણી ગણાશે કે વાંઝણી જ રહેવાની. આજે ભણેલ ગણેલ લોકોએ પણ માનવતા મારી નાખી છે. સંકટ, આપત્તિના ભોગે બનેલ એક ઈન્સાનને બીજા ઈન્સાનની મદદ કરી તેનો જીવ બચાવવા આગળ નથી આવતો. આપણે જોઈએ છીએ કે અકસ્માત સમયે લોહીલુહાણ હાલતમાં સડક પર તરફડતા માણસને દવાખાને લઈ જવા ત્યાંથી પસાર થતાં માણસોમાંથી કોઈ તૈયાર થતું નથી. જો તેને પ્રાથમિક સ્તરેથી જ માનવતા જગાડતું શિક્ષણ મળ્યું હોત તો તે તરફડતાં માણસની મદદે જરૂર દોડી જાત. પરંતુ પ્રાથમિકથી જ અંગ્રેજી શિક્ષણનાં વાવેતરે માનવતા મારી નાંખી છે.

કાકા સાહેબ કાલેલકર કહે છે કે, અંગ્રેજી કેળવણીમાં ચોપડીની કેળવણી, ઉજળિયાત કેળવણી, છાયામાં બેસીને જીવન પૂરું કરવાની કેળવણી, ધન, પ્રતિષ્ઠા અને સલામતી સ્થાયી કરવાની કેળવણી – એટલો જ અર્થ અંગ્રેજી કેળવણીમાંથી આપણે શીખ્યા. એના બદલામાં કેળવણી એટલે ચારિત્ર્યનો ઉત્કર્ષ, કૌશલ્યની પરાકાષ્ઠા, સેવાનો આનંદ અને ધર્મનિષ્ઠાનો સમભાવ એ નવો અર્થ ગાંધીજીએ કરી આપ્યો.

લોકો જીવનની પાર્થિવ જરૂરિયાતો વધારીને આત્માને સંકુચિત કરતા હતા, નૈતિક જીવનને હણતા હતા. એ દુર્દશામાંથી દેશને બચાવવાનો ગાંધીજીએ પ્રયત્ન કર્યો અને કહ્યું હતું કે ઉજળિયાત કેળવણીને ઉગારવા માટે એમાં થોડો ઉદ્યોગનો ઉમેરો કરો એટલું બસ નથી. એ વાટે ન તો ઉદ્યોગ ઉદ્દીપિત થાય, ન કેળવણી જીવતી થાય.

આધુનિક ટેકનોલોજી કેળવણીના વધતા વ્યાપ વચ્ચે આજે માનવતાની કેળવણી પણ એટલી જ આવશ્યક છે. ચારે તરફ પ્રસરી ગયેલ જડવાદપણાને નષ્ટ કરવો હોય તો કેળવણીમાં માનવતાની કેળવણીનું પ્રકરણ પ્રાથમિક કક્ષાથી જ ઉમેરવું પડશે. આ કેળવણીને નજર સમક્ષ રાખવામાં આવશે તો આપણે ઘણું ન થયેલું ઘણું બધું સિધ્ધ કરી શકશું.

પરદેશી કેળવણી અને આપણી કેળવણીમાં ઘણો તફાવત છે. ત્યાં ટેકનોલોજી શિક્ષણને જ મહત્ત્વ અપાય છે. સંસ્કૃતિનું શિક્ષણ ત્યાં જરૂરી જણાતું નથી. આપણે ત્યાં આપણી વૈદિક સંસ્કારોથી છલકતી સંસ્કૃતિ છે, છતાં પણ આપણે પશ્ચિમી અભ્યાસને પશ્ચિમી ભાષાને બરાબર વળગ્યા છીએ. માનવતા, ધર્મ, સંસ્કારો, આચાર, વિચાર અને સહયોગની ભાવના આપણા સૌમાં કેમ ઉગાડવામાં નથી આવતી? શું આ છે સુધારાવાદી શિક્ષણ અને કેળવણી? માણસ કેળવણી લે અને સંસ્કાર પ્રાપ્ત કરે, તો પણ એને મળેલી કેળવણીમાંથી એક એવી શક્તિ પેદા થવી જોઈએ કે જે શક્તિ એનું સમગ્ર જીવન સંતોષી અને સુખી બનાવી શકે.

આપણે જેને પશ્ચિમી-પાશ્ચાત્ય કેળવણી કહીએ છીએ, તેનો પ્રવાહ આપણા દેશમાં જેમ જેમ વધવા લાગ્યો તેમ તેમ શિક્ષિત લોકોની સંખ્યા પણ વધવા લાગી છે. પરંતુ તેની સાથે જ શિક્ષિતોની બેકારી પણ દેખાવા લાગી. હાથમાં ડિગ્રી લઈને જીવી રહેલા કરોડો બેકારોને એ શિક્ષણ અને કેળવણીની કોઈ કિંમત રહી નથી. સ્નાતકો થયેલા ડિગ્રીધારકો પોતાના સ્ટેટસને કારણે મજૂરી પણ કરી શકે તેવી હાલતમાં રહ્યા નથી. જો આર્થિક પાસું નબળું હોય તો તેવા સ્નાતકો પોતાનો ધંધો રોજગાર પણ વિકસાવી શકે નહિ. તેમની હાલત તો ન ઘરના કે ન ઘાટના જેવી બનવા લાગી છે.

જ્યાં સુધી આપણે બાળકોને નાનપણથી જ આપણી દેખરેખ નીચે સામાજિક અને આર્થિક બાબતોમાં સ્વયં અનુભવ મેળવવાના સંજોગો નહીં ખોલી શકીએ ત્યાં સુધી શિક્ષણપ્રથા સુધરી શકે તેમ નથી કે તેવા સંજોગ પણ દેખાતા નથી. ભણેલ વ્યક્તિ જાતમહેનત કરી તથા તેના દ્વારા મેળવેલી કમાણીનો ઉપયોગ ઉપભોગ ઘરના સભ્યોની સાથે જ રહીને કરવાનું મહત્ત્વ ન સમજે ત્યાં સુધી તેમની કેળવણી કે શિક્ષણ અધૂરું જ ગણાય છે.

આજે ટ્યુશનપ્રથાનો વાયરો આસમાને ચડ્યો છે. ટ્યુશન કરી વધારે કમાઈ કરવાની દોડમાં શિક્ષકો વિદ્યાર્થીઓને ખરું ભણતર ભણાવવાનું જ ભૂલી ગયા છે. શિક્ષકોની માનસિકતા જ્યારથી વધારે કમાણી કરવા તરફ ગઈ છે, ત્યારથી વિદ્યા એક મશીન બની ગઈ છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ તે શાળાના શિક્ષકો પાસે ટ્યુશન પરાણે રાખવા પર જોર અપાઈ રહ્યું છે. જો વિદ્યાર્થી નબળી સ્થિતિનો હોય અને ટ્યુશન રાખી શકે તેવી સ્થિતિમાં ન હોય તો તેના અભ્યાસ પાછળ પૂરું ધ્યાન અપાતું નથી. આ એક નરી વાસ્તવિકતા છે.

આજે આધુનિક વિદ્યાનું રૂપ જ બદલાઈ ગયું છે. જે પૂર્ણ રીતે અશક્ત થઈ ગઈ છે. ગુરુ અને શિષ્ય વચ્ચે સુમેળ રહ્યો નથી. તથા બંનેમાં ચારિત્ર્યબળ, કર્મશક્તિ, વિશ્વાસ, આશા, સંયમ અને ઉત્સાહ તથા સાત્વિકતા જાગૃત કરવાની શક્તિ રહી નથી. જે વિદ્યાર્થી કર્તવ્ય-શક્તિને પ્રેરણા મળતી નથી, સ્વતંત્રરૂપે વિચાર કરવાની બુદ્ધિ આવતી નથી, પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ પેદા કરી શકતી નથી તે કેળવણી-વિદ્યા કે શિક્ષણ મળે તોય શું અને ન મળે તો પણ શું?

આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે એમ આપણે ગળા ખંખોળી ખંખોળી બોલીએ છીએ. શિક્ષાનો લક્ષ્યાંક આસમાને પહોંચ્યો છે તેવા બૂમબરાડા પાડીએ છીએ. મિત્રો! પણ આવા બરાડા પાછળ કોઈને એવું કેમ સૂઝતું નથી કે દેશનું ચારિત્ર્ય ઊંડા તળિયે જઈને બેઠું છે શિક્ષણનું નામું નંખાઈ રહ્યું છે.

***"સંસ્કૃતિ દર્શન"***
***આસોપાલવ શેરી નં. ૦૨,***
***રેલ્વે સ્ટેશન પ્લોટ,***
***મુ. માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)***
***મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪***

વાઇબ્રન્ટ હાસ્ય

# કોફી ટેબલ બુકનાં આવા નામ ક્યારેય સાંભળ્યા છે?!!



ચિત્રસેન શાહ
નિવૃત્ત, નાયબ કાર્યપાલક ઇજનેર (જીઇબી)

હિંદી સિનેમાવાળાઓને તેમની અગાઉની મુવીની સંવર્ધિત આવૃત્તિ માટે નવા નામો પણ મળતા નહીં હોય?! જેથી આ રીતે નામો આપવા પડે છે?!

દાખલા તરીકે દબંગ પછી દબંગ-૨, દબંગ-૩... વગેરે વગેરે...

જોકે એક રીતે સલમાનની દબંગાઈ(!) – જેમ કે ૨૦ વર્ષ પહેલાં જોધપુરમાં ચિંકારાનો શિકાર, તે પછી મુંબઈમાં ફૂટપાથ પર સૂતેલા ચારેક લોકોના કાર નીચે ચગદી નાખવાનો બનાવ વગેરે પરથી તો જોકે દબંગ-૨, દબંગ-૩ વગેરે યોગ્ય જ લાગે છે!

ઘણા વર્ષો પહેલાં બી.આર. ચોપરાનું એક ખૂબ જ સુંદર મુવી આવેલ જેનું નામ હતું 'નિકાહ.' તેમાં સલમા આગા અને રાજ બબ્બર હતા. તેના પરથી જો બીજા પિક્ચરો બને તો તેનાં નામ આ પ્રમાણે હોઈ શકે : નિકાહ-૨, નિકાહ-૩, નિકાહ-૪ અને (તે પિક્ચરની વાર્તા પ્રમાણે) તલ્લાક-૧, તલ્લાક-૨, તલ્લાક-૩ (એટલે કે તીન તલ્લાક!) વગેરે...

તીન તલ્લાકની ચર્ચા જ્યારે ટી.વી. પર ચાલતી હતી ત્યારે રાજ બબ્બર દ્વારા કરાતી દલીલો પરથી એમને આવા પિક્ચરોની રંગીન કલ્પના આવી છે! બાકી આમેય તે આઝાદ હિન્દુસ્તાનમાં મુસ્લિમ સમુદાયને ચાર નિકાહ અને ત્રણ તલ્લાકની વધારે પડતી આઝાદી છે જ ને! એટલે અમારી રંગીન કલ્પના સંગીન પાયા પર રચાયેલી છે!

આ લેખમાં મૂળ વાત અમારે ડિજિટલ પેમેન્ટ, કેશલેસ પેમેન્ટ અંગેની લખવી હતી. કારણ કે કેશલેસ પેમેન્ટ અંગેના એક રસપ્રદ સમાચાર અમે ન્યુઝ પેપરમાં વાંચેલા : 'સગાઈની વીંટી હવે વેરેબલ પેમેન્ટની પણ બની ગઈ!' પરંતુ લેખની શરૂઆત જરા જુદી રીતે થઈ! અને તેનું પણ કારણ છે! કારણકે તે દિવસોમાં આખો દિવસ ટી.વી. પર સલમાન ખાન (દબંગ) છવાયેલો રહ્યો હતો! તેથી અમે પણ 'દબંગમય' બની ગયા હતા!

પરંતુ જાગ્યા ત્યારથી સવાર! મૂળ વાત પર આવીએ! (જાગ્યા ત્યારથી સવાર ભલે કહેવાય બાકી કોઈ આર્ટિસ્ટ રાત્રે મોડેથી 'શો' પતાવીને ઘેર આવે અને બીજે દિવસે બપોરે ૧ વાગે ઊઠીને ચાલવા જાય તો તેને 'મોર્નિંગ વૉક' થોડું કહેવાય?!)

કેશલેસ પેમેન્ટમાં પણ હવે નવી નવી સુવિધા ઉપલબ્ધ બની રહી છે અને આજના Buyer's માર્કેટમાં અને Cut throat – ગળાકાપ હરીફાઇના જમાનામાં નવી નવી સુવિધા આપો તો જ ગ્રાહકો આકર્ષાઇ શકે! તેથી જ એક જ્વેલરી બનાવતી કંપનીએ જાહેરાત આપી હતી કે – 'રીંગ સેરેમની'માં હવે અમારી 'વેરેબલ પેમેન્ટ'વાળી વીંટી પહેરો અને જુઓ ચમત્કાર! ભલભલી બેન્કો તમને કરોડોની લોન આપવા લાઈન લગાવી દેશે! નીરવ મોદી અને મેહુલ ચોક્સી અમારી વીંટી જ પહેરતા હતા!'

એટલે એક રીતે નવી નવી ટેકનોલોજીથી આપણે સગવડતાની બાબતમાં સમૃદ્ધ થઈ રહ્યા છીએ તો બીજી બાજુ આપણો સમાજ 'રેપીસ્ટો'થી ઊભરાઈ પણ રહ્યો છે! ટી.વી.ની કોઈ પણ ચેનલ આપણે જોઈએ તો દેશમાં ક્યાંક ને ક્યાંક 'રેપ' થયાના સમાચાર 'બ્રેકિંગ ન્યુઝ' તરીકે આવ્યા જ કરતા હોય! આમાં બિચારા ખાખી વર્દીવાળાઓની પોઝીશન સેન્ડવીચ જેવી બની રહે છે! એ લોકોની કમનસીબી એ હોય છે કે 'રેપીસ્ટ' જો સત્તાધારી પક્ષનો હોય તો તેને માટે પણ 'માનનિય' શબ્દનો ઉપયોગ જ કરવો પડે છે કારણકે નહીં તો આરોપીની લાગણી દુભાઈ જાય છે! જો દાઉદ કદાચ પકડાય તો તેને માટે પણ 'સન્માનનિય દાઉદ સાહેબ(!)' એવો શબ્દ પ્રયોગ જ કરવો પડે! નહીં તો 'દાઉદ'ની લાગણી દુભાય!

આ લખનારનું માનવું છે કે ખરેખર તો ફિલ્મ પદ્માવતી (પદ્માવત લખવું ગમતું નથી અને સારું પણ લાગતું નથી. – જેમ કે બેંગ્લોરને બદલે 'બેંગલુરુ' કેવું ખરાબ લાગે છે! પરંતુ આ તો 'રાજાને ગમે તે રાણી' જેવું છે!) સમયે ઉઠેલા વિરોધ વંટોળ જેવા વિરોધ રેપીસ્ટ સામે દેશની સવા સો કરોડની જનતા ઉઠાવે તો એવા વાવાઝોડામાં રેપના બનાવ પચાસ ટકા ઘટી જાય! અને તેમાં વળી જો કોઈ જાહેર કરે કે 'રેપીસ્ટ'નું નાક

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

# ઘરનું પુસ્તકાલય હોય કે ગામ-નગરનું પુસ્તકાલય હોય, એમાં આ પુસ્તકો અવશ્ય વસાવવાં જ જોઈએ...










**કથા-સરિત્સાગર : અનુ. હસુ યાજ્ઞિક (રૂ. : 600)**
પેન્ઝરે જેને વિશ્વની ઉત્તમ કૃતિ કહેલી અને જેમાંથી પ્રેરણા લઈને પંચતંત્ર-હિતોપદેશ, સિંહાસનબત્રીસી, વેતાળપચીસી, મુદ્રારાક્ષસ, મૃગાવતી જેવી હજારો કથાઓ લખાઈ તેવી ભારતની પ્રાચીનતમ પદ્યકૃતિ 'બૃહત્કથા'નો અહીં ગદ્ય-અનુવાદ છે.

**અમૃતપર્વ : સંપા. મોહન દાંડીકર (રૂ. : 225)**
ગુજરાતી ભાષાના વિદ્વાન સાહિત્યકારો-શિક્ષણકારો અને મનીષીઓનાં વિવિધ વિષયો પરનાં મનનીય અને પ્રેરક વ્યાખ્યાનોનું વિશિષ્ટ સંકલન.

**પિંજરની આરપાર : લે. માધવ રામાનુજ (રૂ. : 370)**
પ્રાણીવિદ્ રૂબિન ડેવિડના જીવન પર આધારિત નવલકથાની તદ્દન નવી આવૃત્તિ.

**શાહજાદી ફીરોજા : લે. પુરુષોત્તમ પોમલ, અનુ. કે.જે. બારોટ (રૂ. 250)**
અલ્લઉદ્દીન ખીલજીની રાજકુમારી ફીરોજા અને સ્વર્ણગિરિ જાલોરના સોનગરા રાજકુમાર વીરમદેવના પ્રણયની અનોખી કથા ગુજરાતી ભાષામાં પ્રથમ વખત.

**મોજમાં રે'વું રે : લે. રતિલાલ બોરીસાગર (રૂ. : 130)**
આજના ટેન્શન અને ઉચાટભર્યા જીવનમાં બે ઘડી મોજ કરાવતા હાસ્યલેખોનો સંગ્રહ.

**વિનોદના વૈકુંઠમાં : લે. રતિલાલ બોરીસાગર (રૂ. 130)**
માર્મિક હાસ્યના તાજગીભર્યા બગીચામાં લટાર મરાવતા મોજભર્યા હાસ્યલેખોનો સંગ્રહ

**ટુકડો : લે. ગિરિમા ઘારેખાન (રૂ. : 150)**
ચોવીસ કેરેટની અણિશુદ્ધ સામાજિક નવલિકાઓનો વિશિષ્ટ વાર્તાસંગ્રહ.

**ધબકતું શિલ્પ : લે. રેખાબા સરવૈયા (રૂ. : 125)**
સ્ત્રીજીવનની માર્મિક 15 નવલિકાઓનો તદ્દન નવો વાર્તાસંગ્રહ.

**શબ્દે-શબ્દે શાયરી : સંપા. બીના શાહ (રૂ. 180)**
455 ગુજરાતી ગઝલકારોના 2000થી વધુ શે'રનો સંગ્રહ

**સમાજના શ્રેષ્ઠીઓ : લે. દોલત ભટ્ટ (રૂ. 180)**
સમાજનિષ્ઠ શ્રેષ્ઠીઓની બિરદાવલિ કરતા ચરિત્રલેખો

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

# વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે – (૧)

## World Schizophrenic Day : 24th May

સ્વાસ્થ્ય




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


વિશ્વભરમાં ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન (24th May : World Schizophrenia Day) તરીકે મનાય છે. આ દિવસે આરોગ્યને લગતા જાહેર કાર્યક્રમો યોજાય છે જેમાં ચિત્તભ્રમ બીમારી વિશે વૈજ્ઞાનિક જાણકારી તથા આધુનિક સારવાર વિશે માહિતી આપવામાં આવે છે. સાથે સાથે ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ તથા ભૂલભરેલી માન્યતાઓને દૂર કરવા પ્રયત્નો કરાય છે. આને લીધે ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિનું યોગ્ય તથા ત્વરિત નિદાન થઈ શકે, યોગ્ય આધુનિક સારવાર થઈ શકે અને વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

- **વિશ્વ વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે :**

આપણા પૌરાણિક ગ્રંથોમાં ચિત્તભ્રમ બીમારી વિશે ઊંડાણમાં વર્ણન કરેલું છે. ચિત્તભ્રમ બીમારી સદીઓ પહેલાથી છે. વિશ્વની વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે.

ભારતમાં ૧.૨૫ કરોડથી વધુ લોકો ચિત્તભ્રમ બીમારીના શિકાર બનેલા છે. એમને યોગ્ય સારવારની જરૂરત છે. કુટુંબીજનોની સમજણપૂર્વકની વાણી તથા વર્તણૂક અને સમજણપૂર્વકનો સાથ સહકાર સારવારમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે તથા સારવારના અપેક્ષિત પરિણામો મળે છે.

જો યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર કરવામાં ન આવે તો દર્દીમાં બીમારીનું પ્રમાણ વધતું જાય છે તથા ક્યારેક દર્દી પશુથી પણ બદતર જીવન જીવે છે.

- **ચિત્તભ્રમ બીમારીના કારણો :**

ચિત્તભ્રમ બીમારી થવા માટે કોઈ એક ચોક્કસ કારણ હોતું નથી. ચિત્તભ્રમ બીમારી થવા માટે નીચેના ત્રણ પરિબળો કારણભૂત બને છે :

**(૧) અનુવાંશિક (વારસાગત) :**

ચિત્તભ્રમ એક વારસાગત રોગ છે. વારસામાં ઉતરી શકે એવો રોગ છે. ચિત્તભ્રમના દર્દીના ભાઈ-બહેન, મા-બાપ કે દર્દીના સંતાનોમાં (લોહીનો સંબંધ ધરાવતા) ચિત્તભ્રમ રોગ હોવાની શક્યતા અને સંભાવના વધુ હોય છે. જો જોડિયા ભાઈ-બહેનમાંથી એકને ચિત્તભ્રમની બીમારી હોય તો બીજા જોડિયા ભાઈ કે બહેનને આ રોગ થવાની શક્યતા ૭૦% જેટલી છે.

**(૨) શારીરિક :**

ચિત્તભ્રમ બીમારીમાં (સ્કિઝોફ્રેનિયા) મગજમાં (Brain) આવેલા મનના (Mind) અવયવો, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપ્પોકેમ્પસ, એમિગડેલા, ટેમ્પોરલ લોબ, બેઝલ ગેન્ગલિયા વગેરેમાં કદ તથા રચનામાં ફેરફારો / બદલાવ થાય છે.

આ બદલાવથી સંદેશવાહક હોર્મોન્સ (ન્યુરોટ્રાન્સમિટર્સ)ની માત્રામાં ફેરફારો થાય છે. જેથી બે જ્ઞાનતંતુઓ (ન્યુરોન) વચ્ચેના સંદેશાઓની આપ-લે માં ખલેલ પહોંચે છે. મનના વિવિધ કાર્યોમાં ખલેલ પહોંચે છે તથા ચિત્તભ્રમ બીમારીના લક્ષણો જોવા મળે છે.

- **મનના અવયવોમાં શારીરિક ફેરફારો :**

**પ્રિફ્રન્ટલ કોરટેક્ષ (Prefrontal Cortex) :**

પ્રિફ્રન્ટલ કોરટેક્ષ વહીવટીલક્ષી કાર્યો કરે છે જેવા કે નિર્ણયો લેવાનું, કાર્ય શરૂ કરવાનું, કાર્ય પૂર્ણ કરવાનું, લાગણીઓને કાબૂમાં રાખવાનું. ચિત્તભ્રમની બીમારીમાં આ કાર્યોમાં ખલેલ પહોંચે છે. દર્દીમાં નિર્ણયશક્તિ, ગ્રહણ શક્તિ ઓછી થાય છે, એકાગ્રતા ઘટી જાય છે, કામ કરવાની તથા કામ પૂર્ણ કરવાની ધગશ ઘટી જાય છે. વિચારવાની શક્તિ કાબૂ બહાર થઈ જાય છે.

**હિપ્પોકેમ્પસ (Hippocampus) :**

સ્મરણશક્તિ તથા નવું નવું શીખવામાં હિપ્પોકેમ્પસ અગત્યનો ભાગ ભજવે છે. ચિત્તભ્રમની બીમારીમાં આ કાર્યો પર નકારાત્મક અસર થાય છે. દર્દીમાં સ્મરણ શક્તિ ઓછી થાય છે, ભૂલકણાપણું આવે છે, એકાગ્રતા તથા મુશ્કેલ

પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા ઓછી થાય છે.

**(ક) એમિગડેલા (Amygdala) :**

એમિગડેલાનું મુખ્ય કામ સ્મરણ શક્તિ જાળવી રાખવાનું છે. નકારાત્મક લાગણીવાળા પ્રસંગો એમિગડેલામાં વર્ષો સુધી સંઘરેલા રહે છે. ચિત્તભ્રમની બીમારીમાં તીવ્ર નકારાત્મક લાગણીઓ ઉત્પન્ન થાય છે. ચીડિયાપણું, માનસિક અસ્વસ્થતા, સહનશક્તિ ઓછી થવી, નજીવી બાબતોમાં ગુસ્સો આવે છે.

**(ડ) સાંભળવાનું કેન્દ્ર (Temporal Lobe) :**

ટેમ્પોરલ લોબમાં આવેલા વર્નીકેસ એરિયા (Wernicke's Area)માં સાંભળવાનું કેન્દ્ર આવેલું છે, જે શબ્દો સાંભળવાનું તથા એનું અર્થઘટન કરવાનું કાર્ય કરે છે. ચિત્તભ્રમ બીમારીમાં આ કેન્દ્રમાં નકારાત્મક ફેરફારો થવાથી અવાજ ન હોવા છતાં કાનમાં સ્પષ્ટ અવાજો સંભળાય છે.

- **સંદેશવાહક હોરમોન્સ (Neurotransmitters)માં ફેરફારો :**

મગજમાં બે ન્યુરોન - જ્ઞાનતંતુ વચ્ચે સંદેશાઓની આપ-લે સંદેશવાહક હોરમોન્સ (Neurotransmitters) દ્વારા થાય છે. સંદેશવાહક હોરમોન્સની માત્રામાં ફેરફારો થવાથી મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે.

ચિત્તભ્રમની બીમારીમાં ન્યુરોન - જ્ઞાનતંતુમાં સંદેશવાહક હોરમોન્સની માત્રામાં ફેરફારો થાય છે. ડોપામીન (Dopamine) નામનું રસાયણ આ બીમારીમાં અગત્યનો ભાગ ભજવે છે. ઉપરોક્ત અવયવોમાં તથા મગજના અન્ય ઉચ્ચ કેન્દ્રોમાં ડોપામીનનું પ્રમાણ વધી જાય છે જેથી ચિત્તભ્રમ બીમારીના લક્ષણો દર્દીમાં જોવા મળે છે. સારવારમાં અપાતી દવાઓ ડોપામીનની માત્રા નોર્મલ કરે છે જેથી બીમારી કાબૂમાં આવે છે.

તાજેતરમાં થયેલ સંશોધન પ્રમાણે ફક્ત ડોપામીનની માત્રા નહીં પરંતુ ડોપામીન તથા સીરોટોનીન (Serotonin)ની માત્રા વધારે મહત્ત્વની છે. સીરોટોનીન / ડોપામીનનું પ્રમાણ (Ratio) જ્યારે ડોપામીન તરફી થાય છે ત્યારે ચિત્તભ્રમ બીમારીના લક્ષણો વધી જાય છે.

ચિત્તભ્રમ બીમારીના લક્ષણો ઉપર વર્ણવેલ શારીરિક તથા રાસાયણિક ફેરફારોને લીધે છે. આ ફેરફારો પર દર્દીનો કાબૂ હોતો નથી. દર્દી નાટક નથી કરતો.

**(૩) મનોવૈજ્ઞાનિક :**

વ્યક્તિનું વ્યક્તિત્વ તથા સ્વભાવના ગુણદોષ ચિત્તભ્રમ બીમારીમાં ત્રીજું મહત્ત્વનું પરિબળ છે.

(અ) નિરાશાજનક પરિસ્થિતિનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ, (બ) વિષમ પરિસ્થિતિમાં મતભેદ સુધી પહોંચાડનાર અસમાધાનકારક, જીદ્દી વલણ, (ક) વ્યક્તિગત સંબંધોમાં નજીકના કુટુંબીજનોમાં થતી ચકમક, (ડ) નિરાશાજનક લાગણીઓ તથા ભાવનાઓને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી લાગણીઓને ડાબી દેવાની વૃત્તિ, (ઇ) અંતર્મુખી સ્વભાવ વ્યક્તિને ચિત્તભ્રમ બીમારીનો ભોગ બનાવે છે.

જીવનમાં બનતી નકારાત્મક ઘટનાઓનો સામનો કરવાની માનસિક ઉર્જાની ઉણપ વ્યક્તિને ચિત્તભ્રમના રોગી બનાવે છે.

(અ) અંગત સ્વજનનું અવસાન, માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ, (બ) સ્વજનની ન સુધારી શકાય તેવી બીમારી, (ક) પ્રિય પાત્ર / મિત્ર જોડે અણબનાવ કે ઝઘડો જેવી ઘટનાઓ વ્યક્તિને ચિત્તભ્રમના રોગી બનાવી શકે છે.

- **મનોચિકિત્સક વિશ્લેષણ :**

૧. આનુવંશિક પરિબળ વ્યક્તિને ચિત્તભ્રમની બીમારી તરફ દોરે છે.

૨. શારીરિક પરિબળ વ્યક્તિને ચિત્તભ્રમની બીમારી થવાની શક્યતા વધારે છે.

૩. મનોવૈજ્ઞાનિક પરિબળ વ્યક્તિને ચિત્તભ્રમની બીમારીના દર્દી બનાવે છે.

- **મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ચિત્તભ્રમની બીમારી શારીરિક બીમારી :**

મનના અવયવોમાં થતા નકારાત્મક શારીરિક તથા રાસાયણિક ફેરફારોને લીધે મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી ચિત્તભ્રમ બીમારીના લક્ષણો માનસિક લક્ષણો રીતે પ્રકટ થાય છે. આ ફેરફારોને લીધે મનના કાર્યો જેવા કે : (૧) વિચારો, (૨) વર્તન, (૩) વાણી, (૪) લાગણી, (૫) કાર્યશક્તિ, (૬) સ્મરણ શક્તિ, (૭) એકાગ્રતા તથા (૮) ગ્રહણ શક્તિ પર વિપરીત અસર થાય છે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ચિત્તભ્રમની બીમારી શારીરિક બીમારી છે. આથી સારવારમાં દવાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. પૂરક ચિકિત્સા તરીકે કાઉન્સેલિંગ, બિહેવિયર થેરેપી તથા કુટુંબીજનોનો સમજણપૂર્વક હકારાત્મક વર્તણૂક સારવારના અન્ય ઘટકો છે.

*(ક્રમશઃ)*

સંસ્કૃતિ

# દાણા દાણા પર લખેલી છે સંસ્કૃતિની કહાણી!



નજમા વાય. ગોલીબાર

ફિલિપાઈન્સની એક કથા પ્રમાણે હજારો વર્ષ પહેલાં, જ્યારે માનવી ચોખા વિશે નહોતો જાણતો, ત્યારે એ પશુઓનો શિકાર કરીને અને ફળ ખાઈને ગુજારો કરતો હતો. એક દિવસ જંગલમાં ગયેલાં કેટલાંક શિકારીઓ જ્યારે ઝાડના છાંયડામાં આરામ કરી રહ્યા હતા ત્યારે એમને થોડેક દૂર કેટલાક લોકો દેખાયા. એ લોકો એમના જેવા સામાન્ય માનવી લાગતા નહોતા. શિકારી સમજી ગયા કે તેઓ દેવી-દેવતા છે, જેઓ આ પહાડોમાં જ રહે છે.

બધા શિકારીઓએ એમનો આદર-સત્કાર કર્યો. આનાથી ખુશ થઈને દેવતાઓએ એમને પોતાના ભોજન સમારંભમાં સામેલ થવાનું નિમંત્રણ આપ્યું. ત્યાંના ભોજનમાં બીજી બધી વસ્તુઓ ઉપરાંત શિકારીઓએ જોયું કે, કેટલાક વિચિત્ર લાગે એવા સફેદ દાણા પણ પીરસવામાં આવી રહ્યા છે. શિકારીઓ આ સફેદ દાણા ખાતા અચકાયા. શિકારીઓએ દેવતાઓને કહ્યું કે, 'અમને ક્ષમા આપજો, પણ અમે કીડા નથી ખાતા.'

દેવતાઓએ કહ્યું કે, 'આ કીડા નથી, ચોખા છે.' આ રીતે માનવીનો ચોખા સાથે પહેલો પરિચય થયો.

બીજી બાજુ ચીનની ચોખાની કથામાં એવું જણાવવામાં આવે છે કે, એકવાર ખતરનાક પૂર આવ્યું. જેને કારણે દૂર-દૂર સુધી નુકસાન થયું. જ્યારે કેટલાય દિવસો પછી પાણી ઉતર્યું અને લોકો પહાડો પરથી ઊતરીને નીચે મેદાનોમાં આવ્યા, તો બધા ઝાડ-પાન પૂરમાં નષ્ટ થઈ ચૂક્યા હતા અને એમની પાસે ખાવા માટે કંઈ જ બચ્યું ન હતું.

લોકો પશુઓનો શિકાર કરીને પોતાનો ગુજારો કરવા લાગ્યા, પણ મુશ્કેલી એ હતી કે પૂરને કારણે પશુઓ પણ ખૂબ જ મોટી સંખ્યામાં માર્યા ગયા હતા. એટલે શિકાર કરવા માટે પશુઓ પણ વધારે નહોતા. પછી એક દિવસે એમને એક મેદાનમાંથી આવી રહેલો એક કૂતરો દેખાયો. એ કૂતરાના શરીર પર કેટલાક લાંબા-પીળા દાણા ચોંટેલા હતા. ભૂખના માર્યા લોકોએ આ દાણાને વાવીને નસીબ અજમાવવા વિશે વિચાર્યું. એમણે એ દાણા વાવ્યા તો ચોખાનો પાક મળ્યો. ત્યારથી એ લોકો ક્યારેય ભૂખ્યા નથી રહ્યા.

ચોખા અને એના જન્મ વિશે દુનિયાભરમાં આવી જ અનેક કથા-કહાણીઓ અને વિશ્વાસ પ્રચલિત છે.

મ્યાનમારમાં એવી દંતકથા છે કે, ત્યાંના ઉત્તરી વિસ્તારના રહેવાસી કચિન સમુદાયના લોકોને ધરતીના કેન્દ્રમાંથી અહીં વસવા માટે મોકલવામાં આવ્યા હતા. પણ સાથે જ એમને ચોખાના કેટલાક બીજ પણ આપવામાં આવ્યા હતા, જેને વાવીને તેઓ ખુશખુશાલ રહી શકે.

એવું કહેવામાં આવે છે કે, જેટલા લાંબા સમય સુધી અને જેટલા વધુ લોકોના પેટ ચોખાએ ભર્યા છે, એટલા બીજા કોઈએ નથી ભર્યા. ખૂબ જ વધુ પ્રમાણમાં ઉગાડવામાં આવનારા ચોખાનો પાક અલગ-અલગ સંસ્કૃતિઓ વચ્ચે ફલતા-ફૂલતા એમને પોષણ આપતો રહ્યો છે.

ચોખા કહેવતો - મુહાવરાઓ અને લોકકથાઓનું પણ એક અંગ બની ગયા છે. જે રીતના આપણા દેશમાં 'રોટલી ખાધી કે નહીં?' નો અર્થ 'ભોજન કર્યું કે નહીં?' એવો થાય છે, એ જ રીતના ચીન, જાપાન, થાઈલેન્ડ વગેરે જેવા ચોખાના કેટલાય ઉત્પાદક દેશોમાં 'ચોખા' જ ભોજનનો પર્યાય છે.

ચીનમાં તો લગ્નની ઉંમરે પહોંચેલી યુવતીઓને તો મા-દાદીની એવી સલાહ હોય છે કે, 'થાળીમાં એકેય દાણો એંઠો ન મૂકો. તેઓ થાળીમાં ચોખાના જેટલા દાણા એંઠા મૂકશે, એમના ભાવિ પતિના ચહેરા પર એટલા જ ડાઘ હશે.'

દુનિયાભરના અનેક દેશોમાં કેટલાય રીત-રિવાજો, ધાર્મિક વિધિ-પ્રસંગોમાં પણ ચોખાનું આગળ પડતું સ્થાન છે. એટલે કે, આ સામાન્ય દાણો ફક્ત એક ખાદ્ય પદાર્થ જ નથી, બલકે જીવનનું, સભ્યતાઓનું અને સંસ્કૃતિઓનું એક અભિન્ન અંગ પણ છે!

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

*હૃદયથી નમવું જરૂરી છે,*
*ખાલી માથું નમાવવાથી પરિણામ નથી આવતું.*

*With Best Compliments From*

**Exclusive Business Partner**

Lyson DIGITAL INKJET INKS

aryan

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem
PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

પ્રાણી પ્રેમ

# કૂતરો - વફાદાર મિત્ર



ડૉ. મિહિર એમ. વોરા

ઘણાને કૂતરાંઓને જોઈને ભય લાગે છે અને ઘણાને પ્રેમ આવે છે. આજે ગધેડા કે માણસો વિશે નહીં પણ કૂતરાંઓ વિશે વાત કરવી છે. કૂતરો માનવ જાતિનો વફાદાર મિત્ર છે એવું આપણે પ્રાથમિક શાળાના નિબંધોમાં લખી ચૂક્યા છીએ પણ જે કૂતરાંઓ વિશે અહીં વાત કરી રહ્યો છું તેઓ નિશ્ચિતપણે અસંખ્ય માનવીઓ કરતાં પણ વધુ સારા છે. તેમનું નામ છે પ્રેરિઅર ડોગ અથવા પ્રેરિઅર કૂતરાં. દેખાવમાં સસલાં અને ખિસકોલીના હાઈબ્રીડ એટલે કે વર્ણશંકર જાતિના લાગતા આ કૂતરાંઓ બહુ વિશિષ્ટ છે. સામાન્યત ઝઘડતા રહેતા કે સતત ભસ ભસ કરતા માણસને આપણે કૂતરો કે કૂતરી કહીને ભાંડતા હોઈએ છીએ પરંતુ આ કૂતરાંઓ એટલે કે પ્રેરિઅર ડોગ્સ ખૂબ જ મળતાવડા, પ્રેમાળ અને પોતાના પરિવાર અને જાતભાઈઓ - બહેનોની સાથે હળીમળીને સંપીને રહેતા ખૂબ જ આનંદ મિજાજના પ્રાણીઓ છે. આ કૂતરાંઓને માનવજાતિના એક વર્ગ કરતાં પણ વધુ ગુણવાન અને સારા કહેવા પાછળનું કારણ તેમનો સ્વભાવ જ નથી પણ આ કૂતરાંઓ દરરોજ સૂર્યોદયના અડધો કલાક પહેલાં જાગી જાય છે અને હાથ જોડીને રીતસર સૂર્યદેવતાને નમન કરે છે. ઈથોલોજિસ્ટ્સ એટલે કે પશુઓની વર્તણૂક અને સ્વભાવનું લાંબા સમય સુધી કુદરતી વાતાવરણમાં જ નિરીક્ષણ કરનારાઓએ જોયું છે કે પ્રેરિઅર ડોગ્સ વહેલી સવારે સૂર્યોદય પહેલાં તેમના નાના નાના પંજાઓ જોડીને નમસ્કારની મુદ્રામાં આંખ બંધ કરીને સૂર્યદેવતા સામે હાથ જોડીને ઊભા રહે છે. આ જ રીતે તેઓ સૂર્યાસ્ત સમયે પણ ડૂબતા સૂર્યને વંદન કરે છે. કેટલાક ઈથોલોજિસ્ટે તો એવું પણ નોંધ્યું છે કે અમુક પ્રેરિઅર ડોગ્સ તો આ રીતે નમન મુદ્રામાં લગભગ અડધો કલાક સુધી ઊભા રહે છે.

આ હકીકત જાણ્યા પછી એવું નથી લાગતું કે આ કૂતરાંઓનું નામ પ્રેરિઅર ડોગને બદલે પ્રેયર ડોગ અર્થાત પ્રાર્થના કરતા કૂતરાં એવું કરી નાખવું જોઈએ. એક તરફ તો આપણા સમાજમાં એવા લાખ્ખો લોકો છે જે મોડી રાત સુધી શરાબ ઢીંચ્યા કરે છે, ટેલિવિઝન પરની રોના ધોના સિરિયલો કે મેચ જોતા જોતા, જંક ફૂડ ખાઈ ખાઈને શરીરને અદોદળા બનાવતા રહે છે અને પછી મોડી સવાર સુધી ઘોર્યા કરે છે. સૂર્યદેવતાને તો શું પણ તેત્રીસ કરોડમાંના એકેય દેવી દેવતાને યાદ કરવાનું તેમને સૂઝતું નથી અને દિવસભર માત્ર ને માત્ર પોતાનું પેટ ભરવાની અને ઐયાશીઓ માટેની પ્રવૃત્તિઓમાં રત રહે છે. તેમની સરખામણીમાં આ કૂતરાંઓ નિશ્ચિતપણે વધુ સારા છે એવું કહી શકાય. આવી વ્યક્તિઓને ગધેડા કે કૂતરાં કહેવા એ જાનવરોનું અપમાન કરવા બરાબર છે. શક્ય છે કે પ્રેરિઅર ડોગ્સ કે અન્ય જનાવરોને જ્યારે ગાળ દેવાનું મન થતું હશે ત્યારે તેઓ પોતાના જાતભાઈઓને 'માણસ' કહીને સંબોધતા હશે. આ કૂતરાંઓની પોતાની ભાષા પણ છે. એટલે કે અમુક પ્રકારના અવાજ દ્વારા તેઓ એકબીજા સાથે વાતચીત અથવા અભિવ્યક્તિ પણ કરતા હોય છે એવું પ્રાણીઓની ભાષા અંગેનો છેલ્લા ૩૦ વર્ષથી અભ્યાસ કરી રહેલા પ્રોફેસર કોન સ્લોબોડિચિકોફ કહે છે. તેઓ કહે છે, પશુઓની પણ પોતાની ભાષા હોય છે પણ આપણે એના પર બહુ ધ્યાન નથી દેતા કારણકે આપણે એવું માનીને બેઠા છીએ કે પશુઓ બુદ્ધિ વિનાના હોય છે, જે સત્ય નથી.

ડૉ. કેને વર્ષો સુધી આ કૂતરાંઓનું નિરીક્ષણ કરીને લખ્યું છે કે આ વિશિષ્ટ પ્રાણીઓ જે લગભગ ૧૨થી ૧૬ ઈંચ જેટલી હાઈટ ધરાવતા હોય છે અને સસલા જેવી ખિસકોલી લાગે છે. તેઓ જમીનની અંદર દર બનાવીને રહે છે. તેઓ બહુ જ સારા હાઉસકીપર એટલે કે ઘરની સારસંભાળ રાખનારા હોય છે. તેમના દરમાં તેઓ શૌચાલય માટે અલગ વિસ્તાર બનાવે છે તેમજ બાળકોની સારસંભાળ રાખવા માટે અલગ ભાગ જેને આપણે અલગ ખંડ કહી શકીએ એવી જગ્યા ફાળવે છે. એટલું જ નહીં, પણ તેમના આ દરમાં શયનખંડ પણ હોય છે. એટલે કે રાતે સૂવા માટે તેઓ અમુક ચોક્કસ ભાગનો ઉપયોગ કરે છે અને પાછું શિયાળા માટે તેઓ અલગ દર બનાવે છે. આ કૂતરાંઓ એટલા સામાજિક છે કે એકબીજાને તેમના ઘરે મળવા જાય છે અને વાતચીત તેમજ ગપ્પાં મારતાં હોય એ રીતે એકમેકના ઘરે કલાકો બેસે પણ છે. કેટલાક માણસો કરતાં આ કૂતરાંઓ વધુ સારા એવું કહેવાનું બીજું કારણ એ પણ છે કે તેઓ કૂતરાં હોવા છતાં સભ્યતાથી વર્તન કરે છે. પ્રેરિઅર

ડોગ્સ એકબીજાને કિસ કરીને પોતાના વહાલની અભિવ્યક્તિ કરે છે. પણ આવું તેઓ ફક્ત પોતાના પરિવારના સભ્યો સાથે જ કરે છે. મતલબ કે દરેક પ્રેરિઅર ડોગ તેની જાતિના કોઈ પણ કૂતરાંને વળગવા કે કિસ કરવા ધસી જતો નથી. આ કૂતરાંઓ પરસ્પર એકબીજાની માવજત પણ કરે છે. એટલે કે એકબીજાને ચાટીને તેમને સાફ કરવા વગેરે. પણ અહીં સુધ્ધાં તેઓ સંયમ દાખવે છે. આ બધું તેઓ ફક્ત પોતાના કુટુંબીઓ સાથે જ કરે છે. કૂતરાંઓની આ જાતિ મુખ્યત્વે નૈઋત્ય અમેરિકામાં જોવા મળે છે. આ બધું જાણ્યા પછી જો કોઈ આપણને ગુસ્સામાં કૂતરો કહે તો આપણે નારાજ થઈ જવાની કે સામે ગાળાગાળી કરવાને બદલે તેણે આપણને પ્રેરિઅર ડોગ કહીને મારી સરાહના કરી છે એવું માનીને ખુશ થઈ શકીએ.

સૂફી સંત બાબા બુલ્લેશાહના જીવનનો આવો જ એક કિસ્સો છે, જે એક સંત પાસેથી સાંભળ્યો હતો. બાબા બુલ્લેશાહ એકવાર ચાલતા ચાલતા જઈ રહ્યા હતા. પાછળથી તેમને કોઈએ આવી રીતે જ ગાળ આપી અને કહ્યું, ‘સાલે કુત્તે....’ બાબા બુલ્લેશાહ ત્યાં જ થંભી ગયા. પાછળ વળીને જોયું અને દોડીને તે માણસ પાસે ગયા. તેઓ ન તો તે માણસ પર ગુસ્સે થયા, ન તો સામે ગાળો ભાંડવા માંડી. બાબા બુલ્લેશાહ તો જે માણસે તેમને કૂતરો કહીને સંબોધ્યા હતા, તેમના પગમાં પડી ગયા. ઘૂંટણિયે પડીને તેમના હાથ ચૂમવા માંડ્યા. ગાળ દેનાર માણસ તો હેબતાઈ ગયો કારણકે ગાળ દીધા પછી આવી વર્તણૂંક કરે તો આંચકો લાગે એ તો સ્વાભાવિક બાબત છે. બાબા બુલ્લેશાહ તો તેના હાથ ચૂમતા જાય અને તેને દુઆ દેતા જાય કે, ‘વાહ, તારી જબાન કેવી મુબારક છે. ખુદા કરે તારી વાણી ફળે અને હું મારા મુરશદ (ગુરુ)ના ઘરનો કૂતરો થઈ જાઉં. જો ખરેખર આવું થાય તો દિવસ-રાત મારા ગુરુના ઘરે બેસી શકું અને તેમની વફાદારીપૂર્વક સેવા કરી શકું. તેં તો મને એવા આશિર્વાદ દઈ દીધા છે કે હું ખુશખુશાલ થઈ ગયો છું.’

આપણે જાનવરોને બુદ્ધિ વિનાના માનીએ છીએ અને માત્ર આપણી જાતિ એટલે કે માનવોને જ શ્રેષ્ઠ ગણીને અભિમાનમાં રાચતા રહીએ છીએ. પણ હકીકત એ છે કે પ્રકૃતિમાં માનવ જેટલું વિનાશકારી, સ્વાર્થી, ડંખીલું પ્રાણી કદાચ બીજું કોઈ નથી. આ વિશાળ સૃષ્ટિમાં પ્રેરિઅર ડોગ્સ જેવાં અનેક આશ્ચર્યો વેરાયેલા પડ્યા છે પણ આપણી માનસિક સંકુચિતતામાં કેદ આપણે એ બધું જોવાની દૃષ્ટિ અને વિસ્મય બંને ગુમાવી બેઠા છીએ.

*સંદર્ભ : વિકિમિડિયા અને વિકિપિડિયા*

**પરમેશ્વરી, પ્લોટ નં.-૧૬૫, વિજય નગર એરિયા,**
**હોસ્પિટલ રોડ, ખાવડા મેસુબ ઘર પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.**

## લગ્ન વિષયક : કન્યા જોઇએ છે

*નામ* : **ભાવિન ઝવેરી**
*પિતાનું નામ* : ધીરેનકુમાર જશવંતલાલ ચમનલાલ ઝવેરી
*માતાનું નામ* : મંજુલા ધીરેનકુમાર ઝવેરી
*વતન* : ભુજ (કચ્છ) ● *જન્મ તારીખ* : ૨૭-૦૫-૧૯૮૬
*જન્મ સ્થળ* : કોચી (કેરાલા) (સમય : ૦૮.૫૫ એએમ)
*ઊંચાઈ* : ૫'૧૦" ● *વજન* : ૮૨ કિ.ગ્રા
*દેખાવ* : ફેર ● *બ્લડ ગ્રુપ* : O+ ● *અભ્યાસ* : કોમર્સ ડિગ્રી
*વ્યવસાય* : સર્વિસ - મેનેજર (ફાઇનબોર્ડ ઇન્ટરનેશનલ)
*સર્વિસ સ્થળ* : કલિકટ ● *શોખ* : મ્યુઝિક, ટ્રાવેલિંગ
*દાદા* : જશવંતલાલ ચમનલાલ ઝવેરી - કોચિ
*નાના* : મગનલાલભાઈ વસા - ભુજ
*મૂળ વતન* : ભુજ, કચ્છ
*ભાઈ / બહેન* : બહેન-૧ (પરણિત)
*ફોન સંપર્ક*: ૯૦૬૧૩ ૭૩૦૩૦, ૯૩૮૭૯ ૫૩૪૦૨ (પિતાશ્રી)
૯૩૮૮૮ ૬૩૨૨૭ (માતુશ્રી)
*પસંદગી* : ફન લવિંગ, પરિવારજનોની સારી રીતે દેખભાળ.

*વૃત્તિ શ્રેષ્ઠ હોય તો કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ થવાની.*

Splendid

**P & G Enterprise**

***Kitchenware, Household Products & Corporate Gifts***

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**● PACKED & MARKETED BY ●**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

વ્યક્તિ વિશેષ

# 'માનવસેવા એજ પ્રભુસેવા'ના મંત્રને ચરિતાર્થ કરતા સૌરાષ્ટ્રના યુરોલોજિસ્ટ ડૉ. પ્રદીપ જીણાભાઈ કણસાગરા

• કિરણ ચાંપાનેરી 'સેતુ' – ફ્રીલાન્સ પત્રકાર •

દર્દી માટે તો ડૉક્ટર દેવ સમાન હોય છે. જો કે સાંપ્રતકાળે આ વ્યાખ્યા કે વાતને તબીબી જગત વિસરતું જાય છે. તેમ છતાંય સાવ સારપ મરી પરવારી નથી. પિંડવળમાં આદિવાસીઓની સેવા કરનાર ડૉ. નવનીત ફોજદાર, વડનગરવાળા નેત્ર ચિકિત્સક ડૉ. વસંત પરીખ, સેવા રૂરલ ઝઘડિયાના ડૉ. અનિલભાઈ દેસાઇ અને સમર્પિત ડોક્ટરોની ટીમ, ખારેલ ગ્રામ સેવા ટ્રસ્ટના ડૉ. અશ્વિનભાઈ શાહ, સાવરકુંડલાના ડૉ. પ્રફુલ્લભાઈ શાહ હોય કે કિડની દાદા ડૉ. એચ. એલ. ત્રિવેદી જેવા ડૉક્ટરોએ ખરા અર્થમાં દર્દીઓની સેવા કરીને દેવ સમાન ડૉક્ટરની ઉપાધિને સાર્થક કરી દેખાડી છે. આ યાદીમાં એક નામ ડૉ. પ્રદીપ કણસાગરાનું પણ ઉમેરાય... ગુજરાતના કિડનીના દર્દીઓ માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલના કિડની વિભાગ દ્વારા ડૉ. એચ.એલ. ત્રિવેદી દાદાની કામગીરી આશિર્વાદ સમાન છે. તો એવી જ સેવાકીય કામગીરી છે સૌરાષ્ટ્ર અને કચ્છના કિડનીના દર્દીઓ માટે રાજકોટની બી.ટી. સવાણી હોસ્પિટલ અને તેનું નિર્માણ કરનાર ડૉ. પ્રદીપ કણસાગરાની!

રાજકોટના આંગણે ૨૦૦૩માં બી.ટી. સવાણી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે સ્વામિ સચ્ચિદાનંદજીએ વિશાળ જનમેદની વચ્ચે ડૉ. પ્રદીપ કણસાગરાને શબ્દરૂપી મોતીનો મોંઘેરો ઍવોર્ડ આપતા જણાવેલું કે "અમારા જેવા ભગવાધારીના દર્શન ખૂબ કર્યા. જે લોકો પોતાનું સર્વસ્વ છોડીને સમાજ માટે અનેરું યોગદાન આપે છે અને સમાજના પ્રશ્નો હલ કરે છે એના દર્શન કરો! ડૉ. પ્રદીપ કણસાગરાએ પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસની પરવા કર્યા વિના, પરિવારની જવાબદારી, બાળકોનો અભ્યાસ અને આર્થિક ઉપાર્જનના ભોગે બી.ટી. સવાણી હોસ્પિટલ જેવી સેવાકીય સંસ્થા ઊભી કરી છે અને ચલાવવાની જવાબદારી લીધી છે. સંસ્થા માટે સમર્પિત થનાર આવા સાચા સેવકના દર્શન કરો..." સ્વામિજીના આ ઍવોર્ડની સામે હવે ડૉ. પ્રદીપ કણસાગરાને દુનિયાના તમામ ઍવોર્ડ નાના લાગે છે!

રાજકોટમાં યુરોલોજિસ્ટ તરીકેની ધીકતી પ્રેક્ટિસ છોડીને કિડનીના દર્દીઓના સેવાકાર્યમાં જોડાનાર પ્રદીપભાઈનો જન્મ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના અનિડા ગામે તા. ૧૫-૮-૧૯૫૦ના રોજ ખેડૂત પરિવારમાં થયો હતો. પિતાશ્રી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા સહકારી કાર્યકર, સમાજ સુધારક અને ધારાસભ્ય હતા. સેવાના સંસ્કાર પ્રદીપભાઈને જાણે વારસામાં મળ્યા હોય તેમ કહીએ તો પણ ખોટું ન કહેવાય!

અનિડા ગામે ખેતીકામ કરતા કરતા પ્રાથમિક શાળાના અભ્યાસકાળે અને અમદાવાદમાં બી.જે. મેડિકલના એમ.બી.બી.એસ.ના અભ્યાસ દરમિયાન પ્રદીપભાઈને પોતાને થયેલ પથરીની બીમારી અને તેની વેદનાના અનુભવે તેમણે કિડનીના ડૉક્ટર (યુરોલોજિસ્ટ) બનવાનો સંકલ્પ કરેલો. મેડિકલ કૉલેજમાં ત્રણ વર્ષ યુરોલોજીમાં અભ્યાસ કરી મુંબઈના ખ્યાતનામ ડૉ. અજિત ફડકેના માર્ગદર્શન હેઠળ મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં યુરોલોજીનો ઉચ્ચ કક્ષાનો અનુભવ મેળવ્યો અને સૌરાષ્ટ્રના સૌપ્રથમ તાલીમી યુરોલોજિસ્ટ બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું.

ઓગસ્ટ ૧૯૭૯માં રાજકોટમાં સૌરાષ્ટ્રનું સૌપ્રથમ અદ્યતન કણસાગરા ખાનગી હોસ્પિટલ – ૐ યુરોલોજી સેન્ટરનો પ્રારંભ કરી સૌરાષ્ટ્ર કચ્છને યુરોલોજીની ઓળખ આપી. આ સેન્ટરમાં રોજ કિડની દર્દીઓનો જાણે મેળો ભરાય અને આશરે દસથી બાર આઈ.વી.પી. થાય અને કિડનીના ઑપરેશનો થાય. કિડની રોગના ખર્ચાઓમાં દર્દીઓના ઘર, ઘરેણાં અને ખેતી વેચાઇ જાય. સગાવહાલા પણ થાકીને સાથ છોડે. દર્દીની આવી વિકટ અને દયાજનક પરિસ્થિતિ જોઇ ડૉ. પ્રદીપભાઈનું દિલ દ્રવી ઉઠ્યું. આ અનુકંપામાંથી ગરીબ દર્દીઓની સેવાર્થે ૧૯૮૦માં રાજકોટની સિવિલ હોસ્પિટલમાં યુરોલોજીનો વિભાગ શરૂ કરાવ્યો અને ૧૯૮૧થી ૧૯૮૬ સુધી માનદ્ યુરોલોજિસ્ટ તરીકે આ વિભાગમાં સેવા આપી.

પોતાની કણસાગરા હોસ્પિટલની પ્રેક્ટિસની સાથોસાથ કિડની - પથરીના રોગના ૪૦૦ જેટલા અનેક કેમ્પમાં જરૂરતમંદ દર્દીઓની સેવા કરી. ૧૯૯૪માં તેમના પિતાશ્રી જીણાભાઈને આંતરડાની સારવાર દરમિયાન કિડની ફેઇલ થયેલી. જીણાભાઈની કિડની ફેઇલ થતાં ડાયાલિસિસ કરવું પડતું. આ ડાયાલિસિસ દરમિયાન પિતાને વિચારો આવતા કે હું તો પૈસેટકે સંપન્ન છું, મારો દીકરો ડૉક્ટર છે અને દવાખાનુંય પોતાનું છે... છતાં મારે આટલી બધી વેદના વેઠવી પડે છે... તો ગરીબ દર્દીઓનું શું થતું હશે? આ વિચારો તેમણે દીકરાને

જણાવ્યા અને કોઈ સંસ્થાકીય હોસ્પિટલ શરૂ કરી સેવા કરવાનું સૂચવ્યું. ૧૯૯૬માં સિંધી સમાજ દ્વારા ફ્રી નિદાન તેમજ ઑપરેશન કેમ્પના સફળ આયોજન બદલ ભોપાલ સિંધી સમાજના મુખ્ય ગુરુજી શ્રી હિધ્યરામજીએ પણ સેવાકીય સંસ્થા શરૂ કરવા આશિર્વચન આપ્યા.

સને ૧૯૯૭માં તેમણે રાજકોટના યુરોલોજિસ્ટ ડૉક્ટરોને એકઠા કરી 'સૌરાષ્ટ્ર સ્ટોન ક્લિનિક' અને 'લિથોટ્રીપ્સ સેન્ટર'ની સ્થાપના કરી. સંતના આશિર્વચન અને પિતાનું સૂચન ડૉ. પ્રદીપભાઈના મનમાં ઘૂમરાતા રહેતા. આ મનોમંથનમાંથી તેમને થતું કે ખરેખર કિડનીના ગરીબ દર્દીઓ માટે કંઈક કરવું જોઈએ. તો ગરીબ દર્દીઓને તબીબી સેવા આપવા માટે કણસાગરા હોસ્પિટલમાં મહાનુભાવો, દાતાઓ, સેવાકર્મિઓને આમંત્રિત કરી તેમના સંસ્થાકીય સેવાના ઉમદા ઉદ્દેશો જણાવ્યા અને સંસ્થા સ્થાપવાની જવાબદારી પોતાના શિરે લીધી અને એપ્રિલ ૧૯૯૮માં 'સૌરાષ્ટ્ર કિડની રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ની નોંધણી કરાવી.

તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, મહેસુલ મંત્રી વજુભાઈ વાળા, સાંસદ ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ફૂલછાબના તંત્રી હરસુખ સંઘાણીના સક્રિય પ્રયાસોથી અને ડૉ. પ્રદીપભાઈની મહેનતથી મે-૧૯૯૯માં રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બાજુમાં ૧૦,૮૦૦ ચો.મીટર જમીન સંપાદિત કરી. દેવજીભાઈ પટેલના પ્રયત્નોથી નાઈરોબીમાં વસતા ઉદ્યોગપતિ ભગવાનજીભાઈ ત્રિભોવનભાઈ સવાણી પરિવાર પાસેથી રૂા. ૧,૦૦,૧૧,૧૧૧/-નું માતબર દાન મેળવી આપ્યું અને નામાભિધાન થયું "બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ - રાજકોટ."

મુખ્યદાતા શ્રી બી.ટી. સવાણીના હસ્તે હોસ્પિટલનું ખાતમુહૂર્ત થયું. આ પ્રસંગે સ્વામી સચ્ચિદાનંદજી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડૉ. પ્રદીપભાઈએ સેવાકીય સેવાર્થે ભૂમિપૂજનની ક્ષણથી જ પોતાની ધીકતી પ્રાઈવેટ પ્રેક્ટિસ બંધ કરવાની જાહેરાત કરેલી. હોસ્પિટલના નિર્માણાર્થે બે-બે વાર અમેરિકા અને અન્ય ટીમ સાથે ડૉ. પ્રદીપભાઈ સિંગાપુર, મલેશિયા જઈ દાતાઓ પાસેથી લાખો રૂપિયાનું દાન મેળવેલું. અમેરિકામાં તેમના નાનાભાઈ ડૉ. પરિમલ કણસાગરાએ અને મિત્ર ડૉ. ભાણજીભાઈ કુંડારિયાએ આર્થિક દાન મેળવવામાં મદદ કરેલી અને ઉકાભાઈ સોલંકીએ માતબર દાન આપી સહયોગ આપ્યો હતો.

૨ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ સ્વામી સચ્ચિદાનંદજીના હસ્તે 'બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ - રાજકોટ'નું લોકાર્પણ થયેલું. આમ પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસની પરવા કર્યા વગર આ પ્રોજેક્ટને સાકાર કરવા તેમણે રૂા. ૧૦ લાખનું યોગદાન આપ્યું અને માતબર દાન એકઠું કરી સૌરાષ્ટ્ર - કચ્છના કિડનીના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સંસ્થાનું સર્જન કરવા બદલ ડૉ. પ્રદીપભાઈ કણસાગરાને ખૂબ ખૂબ ધન્યવાદ. તેમણે આ હોસ્પિટલના સ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ૧૯૯૯થી ૨૦૦૪ અને ચેરમેન તરીકે ૨૦૦૪થી ૨૦૧૪ સુધી સેવા આપી. અને સમય આવ્યે સ્વૈચ્છિક રાજીનામુ આયું. જો કે કિડની હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે સેવા આપવાનું તો ચાલુ જ છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાની ૧૬૫ પથારી ધરાવતી સેવાકીય આ બી.ટી. સવાણી હોસ્પિટલમાં ૪૪ ડાયાલિસિસ મશીન છે. માત્ર રૂા. ૬૫૦/-માં ડાયાલિસિસ કરી આપવામાં આવે છે. ૨૦૧૬ના વર્ષમાં ૪૧,૦૦૦ ઓ.પી.ડી. દર્દીઓએ સારવાર લીધેલી, ૬૫૦૦ દર્દીઓને દાખલ કરેલા, ૬૦૦૦ કિડનીના ઑપરેશન થયા અને ૩૮,૦૦૦ દર્દીઓના ડાયાલિસિસ કરવામાં આવ્યા જે ભારતભરની ટ્રસ્ટની હોસ્પિટલોમાં સૌથી વધુ છે. ટ્રસ્ટ તરફથી વર્ષ ૨૦૦૩થી ૨૦૧૬માં ૧૨ કરોડ રૂપિયાનું કામ કરી જરૂરતમંદ દર્દીઓની સેવા કરી છે. ટ્રસ્ટ તરફથી આશરે ૫૦ ટકા દર્દીઓને દાતાઓની સહાયથી વિનામૂલ્યે ડાયાલિસિસ કરી આપવામાં આવે છે.

ગુજરાત સરકારની 'મા અમૃતમયમ' યોજનાનું સૌથી વધુ કામ આ હોસ્પિટલમાં થાય છે. તબીબી અને વહીવટી કુશળ શિસ્તબધ્ધ તાલીમી સ્ટાફ દર્દીની સેવા કરે છે. આજે તો આ સંસ્થા ગુજરાતમાં સરકારી કે સંસ્થાકીય સેવા ક્ષેત્રે ઉભરીને બીજા નંબરનું સ્થાન ધરાવે છે. આમ, આ બી.ટી. સવાણી હોસ્પિટલનું સર્જન કરી ડૉ. પ્રદીપભાઈ કણસાગરાએ તબીબી કુશળતા અને વહીવટી કૌશલ્યકળાનો સમન્વય કરી તબીબી સેવાનો વિરાટ સંકલ્પ સાકાર કરી દેખાડ્યો છે! ભારતભરમાં માત્ર ૩૨ જગ્યાએ ચાલતો યુરોલોજીનો સરકાર માન્ય અભ્યાસક્રમ ડી.એન.બી. કોર્સ ૨૦૧૫થી આ બી.ટી. સવાણી હોસ્પિટલમાં શરૂ થયેલ છે. ડાયાલિસિસ ટેકનિશિયન કોર્સ અને નર્સિંગ કૉલેજ પણ શરૂ કરેલ છે.

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલ ભૂકંપ વખતે પોતાની રાજકોટની કણસાગરા હોસ્પિટલ - ૐ યુરોલોજી સેન્ટરને ભૂકંપ પીડિતોની સહાય માટેનું કેન્દ્ર બનાવી દીધેલું. જ્યાંથી દેશ વિદેશમાંથી આવેલ ડૉક્ટરો તથા સમાજ સેવકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાધન સામગ્રીઓનું નમૂનેદાર આયોજન કરી અસંખ્ય પીડિતોને મદદગાર થઈ માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અમેરિકન એસોસિએશન ઑફ ફિઝિશિયન ઓફ ઇન્ડિયન ઓરીજીન (AAPI)એ અમેરિકામાં વસતા એક લાખ ભારતીય ડૉક્ટરોનું સંગઠન છે. 'આપી'

દર વર્ષે ઉત્કૃષ્ટ સેવાઓ માટે ઍવોર્ડ આપે છે. અનોખી સમાજસેવા નેતૃત્વની સિધ્ધિની નોંધ લઇને ડૉ. પ્રદીપ કણસાગરાને બિરદાવવા સ્પેશિયલ પ્રેસિડેન્શલ ઍવોર્ડથી નવાજવામાં આવેલ, જે દરેક ભારતીય માટે ગૌરવની વાત છે. કાલાવાડ, ધ્રોલ, નિકાવા અને જોડિયામાં ધરતીકંપની સહાય માટે ચાર હોસ્પિટલના નિર્માણમાં તેમણે કરેલી સહાય અને ઉત્તમ નેતૃત્વ અને સમાજસેવા માટે 'આપી'એ આ ઍવોર્ડ એનાયત કરેલો. વિશ્વમાં વસતા નોન રેસિડિંગ ગુજરાતીઓમાંથી પોતાની જન્મભૂમિને યાદ રાખી સેવાકાર્યો કરવા બદલ સેલ્યુટ ઇન્ડિયા ઍવોર્ડથી ડૉ. પ્રદીપભાઈને સન્માનિત કરવામાં આવેલ. તેમણે કચ્છના ભયંકર ધરતીકંપ સમયે આપેલી સેવાઓ, વિપશ્યના ધ્યાન કેન્દ્ર ધમકોટમાં યોજેલ વિના મૂલ્યે નિદાન કેમ્પો તથા બી.ટી. સવાણી કિડની હોસ્પિટલનું વિચારબીજ રોપી સૌ ટ્રસ્ટીઓ તથા દાતાઓએ કરેલી સેવા માટે તેમની પસંદગી થઈ હતી. ઔરંગાબાદમાં યુરોલોજીકલ સોસાયટી ઑફ ઇન્ડિયા વેસ્ટ ઝોનના વાર્ષિક અધિવેશનમાં ડૉ. પ્રદીપભાઈની પ્રશંસનીય સામાજિક સેવાઓ તથા કિડનીની બીમારીઓ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપવા બદલ વર્ષ ૨૦૧૬નો યુરોલોજી સર્વિસ ગોલ્ડ મેડલ તથા સન્માનપત્ર એનાયત કરી બહુમાન કરવામાં આવેલ. એટલાન્ટા - અમેરિકાના રોટરી ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી એલિક સ્મિથે ડૉ. પ્રદીપ કણસાગરાની સેવાઓનું ધ્યેય અને રોટરીની સેવાઓના ધ્યેયને સમાન ગણાવી તેમને આ વર્ષનો ફ્લેગ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ.

બી.ટી. સવાણી કિડની હોસ્પિટલને પ્રદીપભાઈએ માતબર દાન અને સેવા આપેલી. તેમણે પિતાશ્રી જીણાભાઈ કણસાગરાની પ્રતિમા મુખ્ય પ્રવેશદ્વારે મૂકવા માટે રૂા. ૪૦ લાખનું દાન આપેલું. પરંતુ કિડની હોસ્પિટલનું વિચારબીજ પ્રદીપભાઈએ રોપેલું અને તેમણે સંસ્થાને આપેલી અમૂલ્ય સેવા માટે આ સંસ્થાના ટ્રસ્ટી પરિવારે અને કણસાગરા પરિવારનો આગ્રહ ડૉ. પ્રદીપભાઈનો સ્ટેચ્યુ મૂકવાનો રાખ્યો. જાન્યુઆરી-૨૦૧૭માં ડૉ. પ્રદીપભાઈની પ્રતિમાનું અનાવરણ અમેરિકન યુરોલોજી એસોસિએશનના પૂર્વ માનદ્ મંત્રી અને યુરોલોજિસ્ટ ડૉ. ગોપાલ બદલાણીએ અને જીવાભાઈ ગોવાણીની પ્રતિમાનું રાજકોટના મેયર ડૉ. જૈમન ઉપાધ્યાયના હસ્તે અનાવરણ થયું હતું. આ પ્રતિમા અનાવરણ પ્રસંગે ગૌસેવા આયોગના ચેરમેન ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે ૧૯૯૯થી પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસનો ભોગ આપીને ડૉ. પ્રદીપભાઈએ જે સેવાયજ્ઞ શરૂ કર્યો છે તે અનેક લોકો માટે પ્રેરણારૂપ છે. સાંપ્રતકાળે પણ સમાજમાં સેવાભાવી ડૉક્ટરો છે...

તેમણે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, લાયન્સ ક્લબ, ગુજરાત સર્જન્સ એસોસિએશન, યુરોલોજીકલ સોસાયટી ઓફ સૌરાષ્ટ્રમાં પ્રમુખ તરીકે સેવા આપી છે. બેંગ્લોરની સ્વામી વિવેકાનંદ યોગ યુનિવર્સિટીનો યોગ ડોક્ટરોનો દોઢ વર્ષનો 'એસવ્યાસા'માં તેમણે કોર્સ કર્યો. શરીર અને ચિત્તશુધ્ધિ અર્થે વિપશ્યના શિબિરની શરૂઆત પોતાની કણસાગરા હોસ્પિટલથી કરેલી. કિડની બીમારીઓની માત્ર સારવાર જ નહીં પરંતુ તેને અટકાવવા જુદી જુદી સંસ્થાઓમાં, શાળાઓમાં કાર્યક્રમો યોજી 'પૂર પહેલા પાળ' બાંધવાનો મંત્ર તેઓ પ્રસરાવે છે. કિડની બીમારીઓ અંગે લોકોનું જ્ઞાન વધે, હાઉ ઘટે અને સમયસર સારવાર લેવા દવાખાને પહોંચે તે માટે પ્રદીપભાઈએ કિડની રોગો તથા સારવાર વિશેની 'કિડનીની પથરીઓ જાણીએ અને સ્વસ્થ જીવન માણીએ...'ની ચાર આવૃત્તિઓ અને એક વિડિયો બુક પ્રકાશિત કરી જનજાગૃતિનું કામ કરી રહ્યા છે. દર્દીઓને કર્મયોગના સાત સિધ્ધાંતને કેન્દ્રમાં રાખી તેઓ પ્રવચનો દેશ વિદેશમાં આપે છે.

પ્રદીપભાઈને અમેરિકા જવાનું હોવાથી અન્ય સ્થાપક ટ્રસ્ટીઓ સર્વશ્રી રમેશભાઈ પટેલ, જયંતીભાઈ ફળદુ અને ડૉ. વિવેક જોશી જહેમતથી હોસ્પિટલની કામગીરી સંભાળી રહ્યા છે. ઋગ્વેદના સેવાસૂત્ર 'મનુર્ભવ' – 'માનવ બન' સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરનાર, સેવા સંસ્કાર પુરુષ પ્રદીપભાઈ કણસાગરા સમાજ માટે દીવાદાંડી સમાન છે... ડૉ. પ્રદીપ કણસાગરાની અપીલ છે કે જો તમે ડૉક્ટર હો તો સેવા આપો. દાતા હો તો દાન આપો અને જરૂરતમંદ દર્દીઓને દવાખાના સુધી મોકલો... તેઓ નમ્રભાવે એ વાત સ્વીકારે છે કે યુરોલોજિસ્ટ ડૉક્ટર તરીકે તેઓ માત્ર સમાજનું ઋણ અદા કરી રહ્યા છે.

મુલાકાત દરમિયાન ડૉ. પ્રદીપભાઈ કણસાગરાએ નમ્રતાથી જણાવેલ કે મારી આ સઘળી સફળતાઓમાં ઇશ્વરકૃપા, મારા પિતાશ્રીના આશિર્વાદ, કણસાગરા પરિવારનો સાથ-સહકાર, દાતાશ્રીઓના માતબર દાન તથા અમારી ટીમે ખભેખભા મિલાવીને કરેલ અથાગ પરિશ્રમનું પરિણામ છે. મને મળેલ સૌ સન્માન તથા ઍવોર્ડ માટે હું મારી ટીમને સહભાગી ગણું છું. હું કોઈના પર ઉપકાર કરતો નથી પરંતુ સમાજમાંથી જ મેળવેલું, સમાજનું ઋણ અદા કરું છું. ઇશ્વર સૌને સદ્કાર્ય કરવાની શક્તિ અને સામર્થ્ય આપે અને કર્તાભાવને બદલે માત્ર નિમિત્તભાવ પ્રગટાવે તે જ પ્રાર્થના...

રડતા રડતા આવતા દર્દીઓની સંભાળ અને સારવારથી ડૉક્ટરો તથા સ્ટાફ હસતા હસતા વળાવે તેનાથી મોટી કોઈ પ્રભુસેવા નથી. આવી સંસ્થાઓ સાચા અર્થમાં આરોગ્ય મંદિર સમા છે!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હાઉસિંગ સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# ડી. એન. પોલીટેકનીક

dnp EDUCATION TRUST SINCE 1975

## ધો. ૧૦ - ધો. ૧૨ પાસ-નાપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

સરકાર માન્ય તેમજ ખાનગી ડિપ્લોમા

* ઈલેક્ટ્રોનિક્સ એન્જી.
* કોમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર નેટવર્કીંગ એન્જી.
* ઈલેક્ટ્રીકલ એન્જી.
* રેફ્રીજરેશન એન્ડ એ.સી. એન્જી.
* સિવીલ - મિકેનીકલ એન્જી.



૧૦૦% નોકરી તાલીમ પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર

આપ પણ ફેશન ડિઝાઈનર બની શકો છો !!!

એન્જી. ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડિપ્લોમા એન્જી. થઈ શકો છો...**

❖ ખૂબ જ નજીવી ફીમાં અભ્યાસ, નોકરી, ધંધાની સાથે પણ આ કોર્ષ થી શકે તે મુજબની વ્યવસ્થા.

❖ દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર પ્રેક્ટીકલ મળી શકે તેવી વિશાળ પ્રેક્ટીકલ લેબ.

મળવા માટે સમય : ૧૧–૦૦ થી ૬–૦૦





હેડ ઓફીસ : મોરલીધરની પોળ, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૬૧૪૦૧

બ્રાન્ચ : (૧) મોરલીધરની વહેરો, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૪૯૭૬૫
(૨) પટેલ વાડી, ઘંટી બસ સ્ટેન્ડ સામે, બાપુનગર, અમદાવાદ. ફોન : ૨૨૭૬૨૭૦૦
(૩) દીપજયોત કોમ્પલેક્ષ, દેવી સિનેમા સામે, બેઠક પાસે, નરોડા, અમદાવાદ. ફોન : ૨૨૮૧૪૨૩૫
(૪) શાયોના સ્કૂલ કેમ્પસ, રામેશ્વર મહાદેવ સામે, મેઘાણીનગર, અમદાવાદ. ફોન : ૨૨૬૮૫૩૩૩
(૫) ઝંડા ચોક, બેંક ઓફ ઈન્ડીયા સામે, વાપી, વલસાડ. ફોન : ૦૨૬૦-૨૪૬૨૫૮૮

Email : dnpolytechnic@gmail.com | www.dnpolytechnic.org

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# પ્રતિભાવ

### કચ્છશ્રુતિ : પ્રતિભાવ

સામાન્ય રીતે 'કચ્છશ્રુતિ'માં પ્રગટ થતા મોટાભાગના લેખક / લેખિકાઓની કૃતિ - લેખ સુંદર જ હોય છે. પરંતુ તે બધા અંગે અહીં લખવું શક્ય નથી. તેથી જે વધારે રસપ્રદ અને માહિતીસભર લાગ્યા છે તે અંગે જ લખું છું.

★ કચ્છી સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના લેખો હંમેશાં અભ્યાસપૂર્ણ અને માહિતીસભર રહ્યાં છે.

★ શ્રી પ્રવીણચંદ્ર શાહના લેખો તેમની વિશિષ્ટ શૈલીને કારણે વાંચવા ગમે તેવા હોય છે.

★ શ્રી અશ્વિન ઝિંઝુવાડિયા લિખિત 'કચ્છનું ફોસિલ્સ પાર્ક' વાંચી આ પ્રતિભાવ લખનારને ઘણી નવી વાતો જાણવા મળી.

★ સુશ્રી રમીલાબહેન પી. મહેતા લિખિત 'પાછી આવી છું' કાવ્ય વાંચીને આનંદ થયો.

★ શ્રી ભોલાભાઈ ગોલીબાર લિખિત 'પ્રતિષ્ઠા' લેખના શિર્ષકમાં જે વાત લખી છે – 'સુખ' એટલે 'તમે' અને 'આપ' સાંભળી સાંભળીને થાકી ગયા હોઈએ ત્યારે 'તું' કહેનાર દોસ્ત મળે એ પળ એટલે સુખ!'

ખૂબ જ સુંદર અને વાસ્તવિક હકીકત છે. હવે હું તેમાં એક વધારે રસપ્રદ અને સત્ય હકીકત ઉમેરું છું.

હું અને મારા એક મિત્ર શ્રી જયકિશોર બુચ (અમદાવાદ - આમ ભુજના) મોરબી એન્જિનિયરિંગ કોલેજમાં સાથે ભણતા (ભણતા કે જલ્સા કરતા તે નક્કી થઈ શકે તેમ નથી કારણકે 'પાસ' થયા તેના કરતાં 'ફેઈલ' વધારે વાર થતા હતા!)

વર્ષો પછી અમે ગાંધીનગરમાં એકવાર મળી ગયા ત્યારે તે પોતાની સ્ટાઈલમાં જ બોલી ઉઠ્યો – 'ચિત્રસેન, તું હજુ જીવે છે?!'

આવું સાંભળીને જે મજા આવે તે કાંઈક ઓર જ હોય!

અને છેલ્લે (ખરેખર તો અભિનંદનના પ્રથમ અધિકારી છે તેવા!) – દરેક અંકના સુંદર મુખપૃષ્ઠ તેમજ સમગ્રતયા સર્વાંગસુંદર 'કચ્છશ્રુતિ' માટે સમગ્ર તંત્રીમંડળ તેમજ ખાસ કરીને શ્રી દિનેશભાઈ મહેતાની કલાદૃષ્ટિ અને મહેનત ઉડીને આંખે વળગે તેવી છે. તે બદલ તેમને સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

ઉપર લખ્યા તે સર્વે લેખકોને આ 'પ્રતિભાવ' લખનારના હૃદયપૂર્વકના અભિનંદન.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## મુંબઈમાં ગુજરાતી સમાજ ભવનનું ઉદ્‌ઘાટન

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત, અંધેરી લિન્ક રોડ ખાતે મુંબઈમાં ૭ માળના ગુજરાતી સમાજ ભવનનું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૬ઠ્ઠી મે, ૨૦૧૮ના સમાજના સભ્યો અને નિમંત્રિતોની હાજરીમાં મહારાષ્ટ્રના ઉદ્યોગખાતાના મંત્રી સુભાષ દેસાઇ અને ગૃહ નિર્માણ ખાતાનાં મંત્રી પ્રકાશભાઈ મહેતા કરશે. આ પ્રસંગે મુંબઇના મેયર પ્રિં. વિશ્વનાથ મહાડેશ્વર, નગરસેવિકા રાજુલબેન પટેલ અને નગરસેવક રાજુ પેડણેકર ખાસ ઉપસ્થિત રહેશે.

રવિવાર તા. ૬-૫-૨૦૧૮ પછી પાર્ટી હોલ અને એ.સી. રૂમોનું બુકિંગ શરૂ થશે એમ સમાજના પ્રમુખ હેમરાજ શાહે જણાવ્યું હતું.

***સમાજનું સરનામું :*** ગુજરાતી સમાજ ભવન, પ્લોટ નં. એ/૭, ૪૧, આદર્શ નગર, ઓશિવારા - જોગેશ્વરી લિંક રોડ, ઈન્ફીનીટી મોલ આગળ, લોટસ પેટ્રોલ પંપ સામે, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૨.

## Seminar on "Policy related issues faced by Industries from PGVCL, GSEC, GETCO and SLDC and decoding recent GERC Tariff Orders for FY 2018-19.

તા. ૨૭-૪-૨૦૧૮ શુક્રવારના રોજ ગાંધીધામ ખાતે ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન 'ફોકિઆ' દ્વારા "Policy related issues faced by industries from PGVCL – Paschim Gujarat Vij Company Ltd., SLDC – State Load Dispatch Centre, GETCO – Gujarat Energy Transmission Corporation

Limited and GSECL – Gujarat State Electricity Corporation Limited and decoding recent Gujarat Electricity Regulatory Commission (GERC) Tariff Orders for FY 2018-19'' પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં મુખ્ય મહેમાન ધ આઈઓસીસ પ્રાઈવેટ લિમિટેડના સી.ઈ.ઓ. શ્રી દીપક વોરા હાજર રહ્યા હતા અને મુખ્ય વક્તા તરીકે દૃષ્ટિ પાવર કન્સલ્ટન્ટ્સ્ - વડોદરાથી શ્રી કે.કે. ભાટિયા અને શ્રી પી.આર. મહેતા હાજર રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનાર દરમિયાન ટેરીફ કમ્પોનન્ટના ઔદ્યોગિક વર્ગોમાં પુનરાવર્તનનો સારાંશ, ટેરીફ પ્રભાવિત ઉદ્યોગની શરતોમાં ફેરફારો, ઓપન એક્સેસ અને સંબંધિત ખર્ચ / નુકસાન, CPP / OA વપરાશકર્તાઓ માટે રિન્યુએબલ પાવર પરચેઝ ઓબ્લિગેશન (RPO) કોમ્પ્લિઆન્સ, નવીનીકરણીય ઊર્જાના વિકલ્પો એટલે કે ઉદ્યોગો માટે RPO માટે પવન અને સૌર ઊર્જા અને ઉદ્યોગો દ્વારા રજૂ કરવામાં આવેલ. તે સાથે અન્ય સામાન્ય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને તે સંબંધી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત હાજર રહેલા પ્રતિનિધિઓના PGVCL, GETCO, SLDC, GSEC ના પોલીસીને લગતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

આ સેમિનારમાં ઈલેક્ટ્રોથર્મ, વેલસ્પન, અદાણી, ઓપીજીએસ પાવર, સોલારીસ કેમટેક, એક્સેલ ક્રોપ કેર, યુરો સિરામિક્સ, યુરો મલ્ટીવિઝન, ગોકુલ એગ્રો રિસોર્સ, ફ્રેન્ડ્સ સોલ્ટ, શ્રિયમ પાવર, સૌરાષ્ટ્ર એન્વાયરો, સુમિલોન ઈન્ડસ્ટ્રીઝ, એગ્રોસેલ ઈન્ડસ્ટ્રી જેવા ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ સામેલ હતા. સેમિનારમાં ફોકિયાના એમ.ડી. શ્રી નિમિષ ફડકેએ મોમેન્ટો આપીને મુખ્ય મહેમાન અને સ્પીકર્સનું સ્વાગત કર્યું હતું, એમ ફોકિયાની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## ભારતના રાષ્ટ્રપતિએ ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીની દેશ વિદેશની કામગીરી બિરદાવી

છેલ્લા પચ્ચીસ વર્ષથી જૈન દર્શન, શિક્ષણ અને જૈન કલા જેવી પ્રવૃત્તિઓનો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રચાર - પ્રસાર કરતી ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડેલિગેશને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની તા. ૧૯મી એપ્રિલે મુલાકાત લીધી હતી.

છેલ્લા ચૌદ વર્ષથી ઇંગ્લેન્ડના હાઉસ ઓફ કોમનમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા ૨જી ઓક્ટોબરના ગાંધી જયંતિના દિવસે 'અહિંસા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે અને અહિંસાના ક્ષેત્રમાં કાર્ય કરનાર દલાઈ લામા, પ્રિન્સ ઑફ વેલ્સ, નેલ્સન મંડેલા જેવી વ્યક્તિઓ, વિદ્વાનો તેમજ પ્રાણીઓ અને પર્યાવરણ માટે કાર્ય કરનારા એક્ટિવિસ્ટને તે સંબંધિત ઍવોર્ડ આપવામાં આવે છે. જ્યારે આ સંસ્થાના ભારતના મેનેજિંગ ટ્રસ્ટી **પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઇ**એ જણાવ્યું કે દેશ વિદેશમાં રહેલી હસ્તપ્રતોના કેટલોગનું ભગીરથ કામ આ સંસ્થા કરે છે અને ભારતની બહાર ગયેલા એ જ્ઞાનને પાછું લાવવા માટે ભગીરથ પ્રયત્ન કરે છે.

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ કહ્યું કે જૈન ધર્મની ભારતમાં અને ભારત બહાર ચાલતી પ્રવૃત્તિઓ ઘણી નોંધપાત્ર છે. તેમાં પણ જુદા જુદા સંગઠનો એક બનીને જે કાર્ય કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. વધુમાં, આ સંસ્થાને તેના રજત જયંતિના વર્ષમાં પ્રગતિની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા અમદાવાદ ખાતે ઓડિટોરીયમ હોલ અંગે

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા જાહેર જનતાને વિવિધ પ્રકારની તબીબી સેવાઓ હાલે પૂરી પાડવામાં આવે છે. તે ઉપરાંત અદ્યતન સુવિધાઓ સાથે અને ૨૫૦થી ૩૦૦ વ્યક્તિઓને સમાવી શકાય તેવા હોલની સગવડ તાજેતરમાં અમદાવાદમાં જૂના વાડજ વિસ્તારમાં ઊભી કરવામાં આવી છે. વધુ માહિતી માટે ફોન સંપર્ક ૯૪૨૬૩ ૦૫૦૦૪, ૯૮૯૮૩ ૨૫૦૦૦, (૦૭૯) ૨૭૫૫૭૦૫૫/૫૬. ઉપરોક્ત વિગત ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની એક યાદીમાં આપવામાં આવી છે. ■

**પાના નં.-૩૩ ઉપર આપેલ**
**૧૦ રૂા.ની નોટ રીલેટેડ પ્રશ્નોના જવાબો**

(૧) ૬, (૨) મહાત્મા ગાંધીજી, (૩) ૨૦, (૪) હા, (૫) ૩, (૬) ૧૭, (૭) ભારતીય રિઝર્વ બેંક, (૮) ગવર્નર, (૯) ૩, (૧૦) કેન્દ્રીય સરકાર, (૧૧) વાઘ, હાથી, ગેંડો (૧૨) ૨, (૧૩) ૨, (૧૪) ૪૨૫૬૪૬, (૧૫) ૬, (૧૬) રઘુરામ જી. રાજન, (૧૭) ૨૦૧૫, (૧૮) ૫, (૧૯) ભારતનું રાષ્ટ્રીય પ્રતીક : ૩ સિંહની મુદ્રાઓનું, (૨૦) ભારતીય રિઝર્વ બેંકનો લોગો, (૨૧) સિંહ અને નાળિયેરનું ઝાડ, (૨૨) ૨, (૨૩) હિંદી અને અંગ્રેજીમાં.

# શબ્દ શોધ : ૭૨

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | | ■ | |
| ૭ | | | ■ | | ■ | ૮ | | |
| | ■ | ■ | ૯ | | ૧૦ | ■ | ■ | |
| ૧૧ | ૧૨ | ■ | | ■ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | ■ | ૨૩ | | | ■ | ૨૪ | |

## આડી ચાવીઓ

૧. મહિનાનો છેલ્લો દિવસ (૩)
૪. લોહાણા જ્ઞાતિની એક અટક (૩)
૬. અમુક હદથી બહાર ન જઈ શકે એવા પ્રકારની જેલની સજા (૫)
૭. સર્વ, સઘળું (૩)
૮. લૂગડાં વીંટી બનાવેલી તેલ નાખી સળગાવાતી દીવી (૩)
૯. મુખ, મોઢું (૩)
૧૧. પવન (૨)
૧૩. દિવસે ધુમ્મસ કે સખત ઊડેલી ધૂળને લીધે છવાતો અંધકાર (૨)
૧૪. વિચાર અહીંથી ઉદ્‌ભવે (૩)
૧૫. નોકરીમાં બધી રજા પૂરી થઈ જાય તો _______ પગારે પણ રજા મળે. (૩)
૧૬. લક્ષ્ય (૨)
૧૭. લઈને પાછું ન આપનારું (૩)
૧૯. રવિવારે _______ (૨)
૨૦. મૃત્યુનો દેવ (૨)
૨૧. બ્રાહ્મણ (૨)
૨૨. રાજાની પત્ની (૨)
૨૩. સ્નેહ, લાગણી, સારાપણું (૩)
૨૪. સમજણ, બુધ્ધિ, અક્કલ (૨)

## ઊભી ચાવીઓ

૧. ભાજપના અધ્યક્ષ (૫)
૨. માશૂક, પ્રિયતમા (૩)
૩. ચોકીદાર, દ્વારપાળ (૪)
૪. ડગ, ડગલું (૩)
૫. કોંગ્રેસના અધ્યક્ષ (૫)
૯. પ્રબંધ, ગોઠવણ, તૈયારી (૪)
૧૦. સુકુમારતા, નાજુકપણું (૪)
૧૨. સુંદર નેત્રોવાળી સ્ત્રી (૫)
૧૩. આંતરિક સમજ (૫)
૧૮. કેટલાક લોકોના દાંત તો _______ ના દાણા જેવા હોય છે (૩)

## શબ્દશોધ : ૭૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વિ | શ્રા | સ | ■ | સો | ■ | શ | મ | ન |
| રા | ■ | હ | રા | મ | ખો | ર | ■ | ય |
| મ | સા | જ | ■ | વા | ■ | દ | ફ | ન |
| ■ | જ | ■ | શા | ર | દા | ■ | સ | ■ |
| શા | ણ | પ | ણ | ■ | મ | બ | લ | ક |
| ર | ■ | ■ | પ | ત | ન | ■ | ■ | ર |
| દા | દ | ર | ■ | હી | ■ | ક | ન | ક |
| પી | ■ | જા | લ | મ | ખો | ર | ■ | સ |
| ઠ | ગ | ■ | ક | ત | ર | ■ | મો | ર |

## શબ્દ શોધ : ૭૦ / ૭૧ નો ઉકેલ મોકલાવનારના નામ

- કમલ એસ. ઝવેરી - માંડવી
- નીલેશ વી. શાહ - ભુજ
- કીર્તિદા વી. વોરા - અંજાર
- અભય સી. મહેતા - મુંદ્રા
- દિલીપ કે. શાહ - ભુજ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- જીજ્ઞા વી. ઠક્કર - ગાંધીધામ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- રાધિકા એ. મહેતા - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા

*પીરસાયેલા ભોજનમાં આપણે ખામીઓ શોધવામાં વ્યસ્ત હોઈએ ત્યારે કેટલાક લોકો સૂકા રોટલા માટે ભગવાનનો આભાર માનતા હોય છે.*

# પુસ્તક પરિચય

*– હંસરાજ કંસારા*

## "વિનોદના વૈકુંઠમાં... મોજમાં રે'વું રે"

ઉપરનું શિર્ષક કોઈ એક પુસ્તકનું નથી. બલકે એક જ લેખકના એક જ ઉદ્દેશથી લખાયેલા બે પુસ્તકોનો પરિચય કરાવતા લેખનું છે.

ગુજરાતના સાહિત્ય રસજ્ઞોને હાસ્યરસથી તરબોળ કરવાના હામી, હાસ્ય લેખોના સર્વપ્રિય સર્જક શ્રી રતિલાલભાઈ બોરીસાગરના આ બે પુસ્તકો છે : (૧) વિનોદના વૈકુંઠમાં..., (૨) "મોજમાં રે'વું રે!"

"વિનોદના વૈકુંઠમાં..." પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકશ્રી એના શિર્ષક વિશે કહે છે કે, આ શિર્ષકના શબ્દોના સર્જક, એમના Ph.D. ગાઈડ ચંદ્રકાંત શેઠ છે. તેઓશ્રીએ લેખકશ્રીના એક અન્ય પુસ્તક 'ભજ ગોવિંદમ'ને, એમની પ્રસ્તાવનાના સમાપનમાં આ શબ્દોથી બિરદાવેલ છે.

"મોજમાં રે'વું રે!" પુસ્તકના શિર્ષક વિશે લેખકશ્રી જણાવે છે કે, આ શિર્ષક સ્વ. તખતદાન રોહડિયા (દાન અલગારી)ના ભજનના ઢાળમાં રચાયેલા કાવ્યની ધ્રુવ પંક્તિ છે. લેખકશ્રીએ આ પુસ્તકની પ્રસ્તાવનામાં એમનું પુણ્ય સ્મરણ કરી, કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કર્યો છે.

આ બે પુસ્તકોમાં નિર્દોષ રમૂજની રસલહાણ પીરસતા પચાસ (૨૮ + ૨૨) લેખો છે. એમાંના કેટલાક લેખોમાં એમણે એમના રોજબરોજના જીવન વહનમાં પરિસ્થિતિજન્ય કે પોતે જાતે સર્જેલી સ્વભાવજન્ય આપદાઓની વ્યથા, રમૂજના રસપ્રદ રેપરમાં સીફતપૂર્વક પેક કરીને, પ્રસ્તુત કરી છે. જેમકે એમને એ વાતનું દુઃખ છે કે, એમના જેવા સિધ્ધહસ્ત હાસ્ય લેખકની એમના ઘરમાં કે બહાર કોઈ વિશેષ ઓળખ નથી. એમની શિખામણ કોઈ માનતું નથી. પરંતુ ઘરના ટેણિયા પણ વાતવાતમાં એમને શિખામણ આપે છે, વગેરે.

એમને બીજા કેટલાક લેખોમાં એમણે એમના નિકટજનોએ સર્જેલી કે અનુભવેલી સમસ્યાઓના, હળવે હૈયે અને હાથે, રસપ્રદ વર્ણન સાથે, હસતાં હસાવતાં વર્ણન કરી એનાં સમાધાન પણ સૂચવ્યાં છે. લેખકશ્રી એમના એક લેખમાં કહે છે કે, "ભારતીય સંસ્કૃતિ ઋણાનુબંધમાં માને છે. ઋણ એટલે કે 'દેવું.' એવું કહેવાય છે કે દેવું કરનારને ઊંઘ નથી આવતી. પણ હવે મોટાભાગના લોકો માટે આ સાચું નથી."

ચોમેર નિરાશાભર્યા વાતાવરણ વચ્ચે પણ લેખકશ્રીને ક્યાંક આશાના કિરણ પણ દેખાય છે. જેમકે તેઓ વર્તમાનમાં એમની બીમારી વિશે ડૉક્ટરને સરખું કહી શકતા નથી પરંતુ એમને વિશ્વાસ છે કે નજીકના ભવિષ્યમાં કમ્પ્યુટર ક્લિક કરતાં જ, પ્રાચીન નાડી ચિકિત્સાની માફક માનવ શરીરના રોગનું નખશિખ સચોટ નિદાન થઈ શકશે.

જાણીતા સાહિત્યકાર અને કેળવણીકાર શ્રી મનસુખ સલ્લા એમની "મોજ માં રે'વું રે" પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે, "...સાચ્ચો હાસ્યલેખક હસતો ફિલસુફ હોય છે. તે જીવનના એવા ખૂણા પ્રગટ કરે છે કે જેના તરફ સામાન્યપણે આપણું ધ્યાન જતું નથી. મનુષ્ય સ્વભાવનું અવલોકન અને એની વિશિષ્ટ અભિવ્યક્તિ હાસ્ય લેખકનું કેવું બળ બની રહે તેના દૃષ્ટાંતો બોરીસાગરના લગભગ દરેક લેખમાં મળશે."

"વિનોદના વૈકુંઠમાં..." પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકશ્રીના સન્મિત્ર શ્રી હરિકૃષ્ણ પાઠક, એમના લેખ 'લગે રહો મુન્નાભાઈ'ની ચર્ચા કરતાં કહે છે કે મુન્નાભાઈની કારમાં ગાંધીબાપુએ અમદાવાદનું નગર ભ્રમણ કર્યું. તેમને બધે જ ઠેકાણે તેમણે સેવેલાં જીવનમૂલ્યોનું ઘોર અવમૂલ્યન થઈ રહ્યું હોવાના પ્રમાણો મળ્યાં. છેલ્લે સાબરમતી આશ્રમ પાસે આવ્યા. એમનું વ્રત હતું કે 'સ્વરાજ' ન મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પગ ન મૂકવો. એમણે આશ્રમ તરફ પગ ન મૂક્યો અને કહ્યું કે, "આ મારી કલ્પનાનું સ્વરાજ નથી." એમ કહી તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.

શ્રી પાઠકજી કહે છે કે, "આ ખરેખર હાસ્ય લેખ નથી પણ ઘોર વાસ્તવિક્તાથી કોઈપણ સંવેદનશીલ વ્યક્તિને જે વ્યથા પહોંચે છે, તેમાંથી પ્રગટ થતો કટાક્ષ લેખ છે."

બોરીસાગરના લેખોની એક અત્યંત મહત્ત્વની વિશેષતા એ પણ છે કે એમના લેખોની કોઈ એક્સપાયરી ડેઈટ નથી. એમના લેખોમાં મહદાંશે માનવીના મુળભૂત સ્વભાવનો સંદર્ભ હોય છે. એમના લેખો સમય સાપેક્ષ નથી હોતા. તેમ છતાં કદાચ કોઈ લેખમાં કોઈ સમય-વિશેષ વાત હોય તો એવા લેખો પણ, એમની કલમના કસબે, સદૈવ રસપ્રદ અને વાંચવાલાયક રહે છે. એટલે આ લેખકશ્રીના ભાવકો, આ બંને પુસ્તકો ભગવદ્ ગીતાની જેમ આજ અને આવતીકાલ એમ કાયમ વાંચવા માટે બેધડક વસાવી શકે છે. જ્યારે જ્યારે એમને ગ્લાનિ થાય કે એમનું મન ઉદાસ થાય કે એમને કોઈ વાતે ચેન ન પડે અરે ઊંઘ ન આવતી હોય ત્યારે પણ! બોરીસાગરના આ પુસ્તકો જેમાં શબ્દે શબ્દે સાકરની જેમ મીઠાશ છે, નું કોઈ પણ પૃષ્ઠ ખોલીને વાંચશે તો એમને ચોક્કસ રાહત મળશે.

ઉપરોક્ત બંને પુસ્તકો ૨૦૧૭ના ઉત્તરાર્ધમાં પ્રકાશિત થયા છે. બંનેની કિંમત એકસરખી (રૂા. ૧૩૦/- પ્રતિ પુસ્તક) છે.

**પ્રાપ્તિ સ્થાન :**

★ **ગૂર્જર સાહિત્ય ભવન**
**રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
**ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦**

★ **ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
**૧૦૨, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટી સેન્ટર મોલ સામે, સીમા હોલની સામે, ૧૦૦ ફૂટ રોડ, પ્રહલાદ નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૯૩૪૩૪૦, મો. ૯૮૨૫૨ ૬૮૭૫૯**

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃદ્ધિ

# ૧૦ રૂા.ની નોટની કમાલ



ભાવના એ. ઝવેરી

કહેવત છે કે 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.' જ્યાં જુઓ ત્યાં રૂપિયા - પૈસાની કમાલ છે. રૂપિયા ના હોય તો કોઈ ભાવ પણ નથી પૂછતું.

આજની ગેમ પણ એવી જ છે. આપણા પાસે રૂપિયા હોય છે પણ તે નોટ વિશે કંઈ જ ખબર નથી હોતી. તો ગમ્મત સાથે જ્ઞાન મળે એ આ ગેમનો હેતુ છે.

તો આવો જાણીએ, આ નોટની કમાલની વાતો...

આપેલ ચિત્ર રૂા. ૧૦ની નોટનું આગળ-પાછળનું છે.







૧૦ રૂા.ની નોટને રીલેટેડ પ્રશ્નો આપેલા છે.

પ્ર.-૧ : દસ રૂપિયા અંકમાં કેટલી વખત લખ્યું છે?
(૧) ૫, (૨) ૬, (૩) ૭, (૪) ૮

પ્ર.-૨ : કયા રાષ્ટ્રીય નેતાનો ફોટો છે?
નામ :

પ્ર.-૩ : દસ રૂપિયા શબ્દમાં કેટલીવાર લખ્યું છે?
(૧) ૭, (૨) ૧૫, (૩) ૧૯, (૪) ૨૦.

પ્ર.-૪ : દસ રૂપિયાની નોટમાં 'સત્યમેવ જયતે' લખ્યું છે?
(૧) હા, (૨) ના.

પ્ર.-૫ : દસ રૂપિયાની નોટમાં પ્રાણીના ચહેરા કેટલા છે?
(૧) ૫, (૨) ૩, (૩) ૬, (૪) ૪.

પ્ર.-૬ : દસ રૂપિયા કેટલી ભાષામાં લખ્યું છે?
(૧) ૧૨, (૨) ૧૩, (૩) ૧૫, (૪) ૧૭.

પ્ર.-૭ : દસ રૂપિયા ઉપર કઈ બેંકનું નામ લખ્યું છે?
(૧) રિઝર્વ બેંક, (૨) ભારતીય રિઝર્વ બેંક, (૩) સ્ટેટ બેંક

પ્ર.-૮ : દસ રૂપિયામાં પ્રમાણ વચન કોણે આપ્યું છે?
(૧) ભારતીય રિઝર્વ બેંક, (૨) વડાપ્રધાન, (૩) ગવર્નર.

પ્ર.-૯ : દસ રૂપિયાની નોટમાં 'ભારતીય રિઝર્વ બેંક' કેટલીવાર લખ્યું છે?
(૧) ૨, (૨) ૩, (૩) ૮, (૪) ૫.

પ્ર.-૧૦ : દસ રૂપિયાની ગેરંટી કોણ લે છે?
(૧) રિઝર્વ બેંક, (૨) ગવર્નર, (૩) કેન્દ્રીય સરકાર.

પ્ર.-૧૧ દસ રૂપિયાની નોટમાં કયા પ્રાણીના ફોટા છે?
જવાબ : ______________________

પ્ર.-૧૨ : દસ રૂપિયાની નોટમાં ગાંધીજી કેટલી વખત દેખાય છે?
(૧) ૫, (૨) ૨, (૩) ૧, (૪) ૪.

પ્ર.-૧૩ : દસ રૂા.ની નોટમાં વાઘના દાંત કેટલા દેખાય છે?
(૧) ૨, (૨) ૭, (૩) ૬, (૪) ૪.

પ્ર.-૧૪ : તમારી નોટનો નંબર શું છે?
મારી નોટનો નંબર : ______________________

પ્ર.-૧૫ : દસ રૂા.ની નોટમાં કેટલા ડિજિટના નંબર હોય છે?
(૧) ૫, (૨) ૮, (૩) ૬, (૪) ૭.

પ્ર.-૧૬ : તમારી નોટના ગવર્નરનું નામ શું છે?
મારી નોટના ગવર્નરનું નામ : ______________________

પ્ર.-૧૭ : તમારી દસ રૂપિયાની નોટ કઈ સાલની છે?
મારી દસ રૂા.ની નોટની સાલ : ______________________

પ્ર.-૧૮ : દસ રૂા.ની નોટમાં ચાંદીના તાર કેટલી વખત છે?
(૧) ૪, (૨) ૫, (૩) ૬, (૪) ૭.

પ્ર.-૧૯ : દસ રૂા.ની નોટમાં કયું પ્રતીક આવેલું છે?
પ્રતીક છે : ______________________

પ્ર.-૨૦ : દસ રૂા.ની નોટમાં કઈ બેંકનો લોગો આવેલ છે?
બેંકનું નામ : ______________________

પ્ર.-૨૧ : તે બેંકના લોગોમાં શેનું ચિત્ર આપેલ છે?
જવાબ : ______________________

પ્ર.-૨૨ : ગાંધીજીનું નામ કેટલી વખત લખેલ છે?
(૧) ૧, (૨) ૨, (૩) ૩, (૪) ૪.

પ્ર.-૨૩ : ગાંધીજીનું નામ કઈ ભાષામાં લખેલ છે?
જવાબ : ______________________

***ખાસ નોંધ :*** પ્રશ્નના ક્રમ ૧૪, ૧૬, ૧૭ના જવાબ તમારી પાસેની ૧૦ રૂપિયાની નોટમમાં લખેલ હશે, જે બધાના જવાબ અલગ અલગ હશે. મેં ચિત્રમાં જે નોટ બતાવેલ છે તેના જ જવાબ લખેલ છે.

**(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)**

## કૉફી ટેબલ બુકના આવા નામ ક્યારેય સાંભળ્યા છે!!

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

કાપી લાવશે તેને દસ કરોડનું ઇનામ આપવામાં આવશે તો બાકીના પચાસ ટકા પણ નાબૂદ થઈ જાય!

આને કહેવાય ‘રેપ’ માટેનું ઝીરો ટોલરન્સ! હવે અંતમાં આ લેખના શિર્ષક પર આવીએ –

મારા બર્થ-ડે પર પત્ની તરફથી બર્થડે ગીફ્ટ તરીકે બે કૉફી ટેબલ બુક મળી! (વાંચે ચિત્રસેન - એ અંદાજમાં!) (જેના નામ પણ અદ્‌ભુત, અકલ્પ્ય, અવિશ્વસનીય છે!’

(૧) ‘તમારી તે કાંઈ પસંદગી છે!!!’
(નીચે પત્નીનો ફોટો છે!)

(૨) અને બીજીનું નામ છે ‘–અને જુઓ મારી પસંદ!’
(નીચે મારો ફોટો છે!)

(કૉફી ટેબલ બુકના આવા નામ ક્યારેય સાંભળ્યા છે?!!)

અને તેમ છતાં –

આને કહેવાય સાચી ‘બર્થ-ડે ગીફ્ટ.’

*પ્લોટ નં.-૩૧૪/એ, પેટ્રોલ પંપની બાજુમાં,*
*રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## લઘુ કથા : મંગુ

ચારેબાજુથી વધતા અને વિકસતા શહેરના મોટા ચાર રસ્તા. તેની ઉપર એક દસ બાર વર્ષની છોકરી, નામ મંગુ. રોજની જેમ સવારના પીક અવર્સમાં ભીખ માંગવા માટે આમથી તેમ, ગાડીઓ પાસે જઈ ઊભી રહેતી.

તેનો હસમુખો અને માસુમ ચહેરો જોઈ તેને લોકો એકના બદલે બે રૂપિયા વધારે આપતા. તેમાં તો રોજ પસાર થતી ગાડીઓવાળા તેને નામથી ઓળખતા. એટલે ઘણીવાર ફક્ત રૂપિયાને બદલે ખાવાની વસ્તુઓ પણ મળી જતી. એટલે જ કદાચ ચાર ભાઈ બહેનોમાંની મંગુને તેની મા તેને મદદ કરવામાં થોડી રાહત આપતી. તેનું ઘર વળી કેવું? રસ્તાની એક તરફ અને સાથે સામાનનો નાનો ઢગલો. રાત પડતા જ ખૂલી જાય અને છ વ્યક્તિનો સુવાનો અને જમવાનો વિસ્તાર બની જાય.

આમ તો મંગુ મીઠાબોલી. ગાડીઓમાં આવતા જતા શેઠાણી, કોલેજની યુવતીઓ અને તેની ઉંમરની છોકરીઓએ પહેરેલા કપડાં અને તેમનો ઠાઠ જોઈ અત્યંત અહોભાવ અનુભવતી.

એક દિવસ રોજની જેમ જ મંગુ ચાર રસ્તે આમથી તેમ પસાર થતી ગાડીઓ પાસે જઈ ભીખ માંગતી હતી. ત્યાં એક શેઠાણીએ તેને બોલાવી. એક થેલી તેના હાથમાં મૂકી દીધી. બપોર પડતા તેણે જ્યારે થેલી ખોલી, તો આ શું? એક ખૂબ જ સરસ મજાનો ચણિયાચોળીનો સેટ અને પોતાની સાઇઝનો!! એ તો ખુશ થઈ ગઈ અને નિર્ણય કર્યો કે કાલે સવારે આ જ પહેરશે.

તેની માએ એને કીધું પણ ખરું કે આવા સારા કપડાં પહેરીને ભીખ માંગવા ના જવાય. પણ માને તે મંગુ શાની?

બીજે દિવસે સવારના ઉઠતાની સાથે ઝડપથી ચણિયાચોળી પહેરી તૈયાર થઈ ગઈ. સુંદર લાગતી મંગુ ચાર રસ્તે ભીખ માંગવા નીકળી પડી. કલાક, બે કલાકનો સમય થઈ ગયો. પણ આ શું? આજે કોઈ તેને ભીખ આપવા તૈયાર જ નહોતું. જેની પાસે જાય ત્યારે તેને ઉપરથી નીચે જોયા કરે અને મોં ફેરવી લે. એક એના ઉંમરની છોકરીએ તેને કહ્યું પણ ખરું કે આટલા સારા કપડાં પહેરીને ભીખ કેમ માંગે છે? બપોર થતાં જ તે સાવ નિરાશ થઈ ગઈ અને તેની મા પાસે આવી. કશું જ બોલ્યા વગર મંગુ સૂઈ ગઈ.

બીજે દિવસે સવારના રોજની જેમ મંગુ એના થોડા ફાટેલા અને મેલા કપડાં પહેરીને ભીખ માંગવા નીકળી પડી.

*જાગૃતિ શાહ*
*મો. ૯૯૦૯૯ ૯૦૦૯૨*

## આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ

સાફલ્યની કેડી પરે એ તો ધસમસતી રહી,
હસતી વળી સંવરતી ને કદીક રૂમઝુમતી રહી;
ઝરમર ઝરણાની જેમ સરસર સરિતા જ બની,
સાગર મળતાની સાથે ખારી ઉસ બની ગઈ.

હતી ભંગાર, ભંગાર રહી ને ભંગારમાં ભળતી રહી
રગશિયા ગાડાની જેમ એ તો ટળવળતી રહી;
અચરજ નથી એમાં જ એ સાહજિક વાત રહી,
આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ.

પણ પૂરજોશમાં ઐશ્વર્યની આણે એ વસતી રહી,
યૌવનકેરા ઓઘમાં એ ધોધ જેમ ધસતી રહી;
વળતાં જ થયા પાણી ત્યારે કેવી વિરમતી રહી...

કૈંક પાડ્યા ખેલ ને કંઈક કૌભાંડો મેં કર્યા,
રસ્તે રઝળતી રંકતાના કૈંક શોષણ મેં કર્યા;
સત્તા-સંપત્તિ સગવડોનાં શોણલાં અંકે કર્યા,
તો ય ક્યારેક લાગતું....

સાધુતાના વેશ લીધા ને ભક્તિના ય ભેખ ધર્યા,
દાન, તપ ને ધર્મકેરા કેટલાય ધતિંગ કર્યા;
લાલસા ને વાસના જે મનથી ન દૂર થયા,
કવચિત્ લાગે કે જાણે...

*રમેશ ચંદુલાલ 'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## સિતારો

ક્યાંક જીવતાને જ જાકારો હોય છે
ને માનવી મૃત્યુ બાદ સારો હોય છે...

કર્મો કર્યા જો સારા કે નરસા ને
ગયા પછી એનો વરતારો હોય છે...

જીવી ગયા કોઈ જાણી આ જગતને
તો દુનિયામાં સફળ જન્મારો હોય છે...

જો ખેલ્યા ખેલ ખલકને છેતરવાના
મોઢે મીઠો ને ભીતર ખારો હોય છે...

કેટલું જીવ્યો તે નથી અગત્યનું
'પ્રભુ' જીવ્યો કેવું એનો સિતારો હોય છે...

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

## આંસુ

આંસુ તારું મૂલ્ય શું છે તે હવે સમજાય છે
યાદ હોય સુખની કે હોય યાદ દુઃખની
આંખોમાંના આંસુ રૂપે દર્દ બધું વિસરાય છે
આંખના આંસુ હોય હરખના કે આંસુ હોય દર્દના
સરકતા આંસુ સાથે દિલ હળવું થાય છે
મિલનમાંય આંસુ, વિયોગમાંય આંસુ
ટપકતા બે આંસુના તો દિલડું ધોવાય છે
ટીપે ટીપે પડતા આંસુથી યાદ તાજી થાય છે
ખોવાયેલા અમૂલ્ય દિવસોના મૂલ્ય ત્યારે સમજાય છે
આગમન હોય સ્વજનનું તોય આંખે આંસુ
વિદાય હોય સાજનનું તોય આંખે આંસુ
દુનિયાના દુઃખ દૂર કરતું ઔષધ છે આંસુ
હરેક સુખ પામવા જરૂરી છે આંસુ
સર્વે પલનું નિરાકરણ છે ટપકતા આંસુ
આંસુ વિનાની આંખો ગમગીન બની જાય છે
આંસુ એ તો છે ઘરેણું નાનકડી આંખનું.

*અલ્કા અરવિંદ સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

## જગાડે એને...

લે! મીઠો કો દી' બોલે નાય, તોય લગાવ જગાડે એને,
દરિયાની ભરતી સાદે ને જઈને નાવ જગાડે એને.

ગમ ન પડે તો પણ આસન માંડે જાતે જ્યાં પંડિત માને,
કાને પાટા ખસકે ના ત્યાં, મીઠા ભાવ જગાડે એને.

ઊંચે તાડે જઈને બેઠાં, નીંદર વેંચી જાગે રાતો,
ટોચે ટકવું આસાન નથી, ઉચ્ચ પડાવ જગાડે એને.

ધીંગા રસ્તાઓ બોલે ને, રંગ ઈમારતના મન ખોલે,
લયની રમઝટ ને વસ્તીની આવાહાવ જગાડે એને.

પ્રેમ રમાડે ડગલે પગલે, દિલના ડાખે હીંચકે હરદમ,
સ્નેહે બાંધે, લાડ લડાવે એજ રખાવ જગાડે એને.

ધીરે ધીરે સરિતા આવી, રંગ 'કમર', લીલા વાવી દે,
સાંજ-સવાર ખીલી ઊઠે ને, શાંત બહાવ જગાડે એને.

*ખત્રી હુસેન ઇસ્માઇલ, કમર-કચ્છી – ભુજ, કચ્છ.*
*મો. ૯૭૨૭૫ ૯૨૩૯૮*

## ગોઠડી

કાના સંગ ગોઠડી માંડી
રે બાઈયું અમે કાના સંગ ગોઠડી માંડી.

ગોકુળનો છોરો બન્યો રાય રણછોડ
ને, રાધાજીનો વ્હાલો વનમાળી
રે બાઈયું અમે કાના સંગ ગોઠડી માંડી.

મીરાનો ગિરધરનગર ને નરસૈંયાનો
સ્વામી શામળિયો
મારો યોગેશ્વર ને ઓલી ઘેલી
ગોપીયુંનો નટખટ સાંવરિયો
રે બાઈયું અમે કાના સંગ ગોઠડી માંડી.

ગેડી દડે રમતો કાનુડો
જમુનાના જળમાં કૂદ્યો
કાલીય નાગને નચાવતો ગોવિંદો
અમથો તું શીદને રૂઠ્યો?
રે બાઈયું અમે કાના સંગ ગોઠડી માંડી.

દુખિયારી દેવકીનો જાયો થઈ જનમિયો
ને યશોદાનો માખણચોર થયો
ઉઠ હવે, વિશ્વરૂપ માધવ મુકુંદ
તને પામવાને હવે કેટકેટલા ભવ લેવા?!!
રે બાઈયું અમે કાના સંગ ગોઠડી માંડી.

*રમીલા પી. મહેતા - ભુજ (મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯)*

## ગઝલ

જિંદગીમાં સાદગી જોઈએ,
ફૂલ જેવી તાજગી જોઈએ!

લાગણી કાફી નથી પ્યારની,
ઈશ્કમાં દીવાનગી જોઈએ!

એ ભલે વખણાય જાહેરમાં,
આપણે તો ખાનગી જોઈએ!

શાંતિ મનને જોઈતી હોય તો,
જિંદગીમાં બંદગી જોઈએ!

કેટલો ચાહું કહી ના શકું,
'પ્રેમ' માટે જિંદગી જોઈએ!

*મુરજી ચાવડા 'પ્રેમ' - ગાંધીનગર*
*મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭*

## સરોવરની સાંજ (ગીત)

કોઈ નમણા કોમળ હોઠે
નવ્ય શિશુને સ્ફૂર્યું હાસ;
ગગન વિહારી પરિઓ ઘૂમે
ઉતરી સાંજ સરોવર પાસ...

ગૌર વદને મુગ્ધાને જાણે,
ઉભરે લજ્જાશી લાલાશ;
ઝરણાનાં ઝીણાં ફોરાંથી
સરકી સાંજ સરોવર પાસ.

સ્પંદન મંદ રહ્યાં શું વ્યાપી,
સૂર રાગતા ભીમ પલાસ,
એવી સૌમ્ય હવાની લ્હેરે,
લહેરી સાંજ સરોવર પાસ.

ગાને મસ્ત છે, સૌ પ્રકૃતિ
કલરવ શો ઉડુગણ ચોપાસ,
લીન સમાધિમાં ઋષિ, જાણે –
શાંતિ સાંજ સરોવર પાસ.

*રમેશચંદ્ર વૈદ્ય - ભુજ*
*મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬*

## હાઇકુ

કહો છો તમે
અત્તર જેને એતો
લોહી ફૂલોનું.

થઈ જાય છે
"નોટ"ને "નેટ"માં જ
જિંદગી પૂરી.

"સોમૈયા"ને પૂછા પરમેશ્વરસે
તુને સુખદુઃખ કૈસે બાંટે?
કાદવ કો કમલ દિયા
ગુલાબ કો દિયે કાંટે.

### સુખ - દુઃખ

અનુકૂળ, સાનુકૂળ, શિષ્ટ વિશિષ્ટ ને સ્વીટ હોય છે.
તકદીરમાં તો તમામની એ જ થયેલું ટ્વીટ હોય છે.
સ્વર્ગીય સુખની 'સોમૈયા' સંસારમાં જો લિમિટ હોય
તો અતિ દુઃખના કલાકનીયે સાઇઠ જ મિનિટ હોય છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## અભિનંદન

### 'ગૂગલ' કંપનીમાં ઉચ્ચ પદે પુનિત સોનીની નિયુક્તિ



પુનિત સોની

આજના સ્માર્ટફોન અને કોમ્પ્યુટરના યુગમાં 'ગૂગલ'ના નામથી સૌ કોઈ પરીચિત છે. દુનિયાની કોઈપણ જાણકારી જોઈતી હોય તો ફક્ત એક સર્ચ કરો અને જાદુઇ લાકડીની જેમ તરત જ તેના રીઝલ્ટના હજારો - લાખો વિકલ્પ હાજર થઈ જાય. 'ગૂગલ' સાથે જ સંલગ્ન એવા 'યુ ટ્યુબ', 'જી મેઇલ', ઍન્ડ્રોઇડ અને 'ગૂગલ મેપ'ને ધ્યાનમાં લઈએ તો 'ગૂગલ'ની પ્રોડક્ટ આપણા રોજબરોજના જીવનમાં વણાઈ ગઈ છે.

૧૯૯૮માં લેરી પેજ અને સર્ગેઇ બ્રિન નામક બે વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલ આ કંપની આજે ઇન્ટરનેટ સંબંધિત સેવાઓમાં વિશ્વની અગ્રણી કંપની બની ગયેલ છે. ગૂગલની પેટન્ટ કંપની 'આલ્ફાબેટ' છે, જેની છત્રછાયા હેઠળ યુ ટ્યુબ અને ગૂગલ જેવી અનેક પેટા કંપની ચાલે છે.

ગૂગલના હાલના વડા CEO સુંદર પિચાઈ મૂળે ભારતીય છે. હવે ગૂગલ સાથે આપણા સમાજના એક પ્રતિભાવાન યુવાન પુનિત સોની જોડાઈ ગયા છે. તેઓ ગૂગલના એક વિશેષ વિભાગ 'WAYMO'માં સિનિયર એન્જિનિયર તરીકે તાજેતરમાં જોડાયા છે અને અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો ખાતે ગૂગલના હેડ ક્વાર્ટરમાં કાર્યરત છે.

મૂળ અંજારના પુનિત સોનીએ અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિષય સાથે એન્જિનિયરીંગમાં B.Tech. કરેલ. ત્યારબાદ તેઓએ અમેરિકાની નોર્થ કેરોલીના સ્ટેટ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ડિગ્રી (M.S.) પ્રાપ્ત કરેલ. શરૂઆતથી શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ પ્રતિભા ધરાવતા પુનિતને ભારતમાં અભ્યાસ દરમ્યાન નેશનલ ઍવોર્ડસ પ્રાપ્ત થયેલ. તેમના ઉચ્ચ મેરિટને ધ્યાનમાં લઈ તેમને અમેરિકન યુનિવર્સિટી તરફથી અભ્યાસ દરમ્યાન વિશેષ સ્કોલરશિપ આપવામાં આવેલ. અભ્યાસ બાદ તેમણે કેલિફોર્નિયા સ્થિત પ્રતિષ્ઠિત Qualcom કંપની સાથે જોડાઈ કોમ્યુનિકેશન ક્ષેત્રે પોતાનું યોગદાન આપેલ.

પુનિત સોનીની રૂચિ હંમેશાં ટેકનોલોજી ક્ષેત્રે થતાં નવા સંશોધન તરફ રહેલ. તેઓ અભ્યાસ દરમ્યાન પણ અમેરિકામાં એક રીસર્ચ પ્રોજેક્ટ સાથે જોડાયેલ હતા. તેમની આ નવી સિધ્ધિ બાબતે તેઓએ જણાવેલ કે ગૂગલની WAYMO કંપનીમાં ડ્રાઇવર વગરની કાર તૈયાર કરવા પર વિશેષ સંશોધન ચાલે છે. ટૂંક સમયમાં સંપૂર્ણ ઓટોમેટિક કાર કોઈ પણ ડ્રાઇવર વગર અમેરિકાના રોડ પર ચાલતી જોવા મળશે. હાલમાં તેનું સંશોધન કાર્ય અંતિમ તબક્કામાં છે અને તે કારનું લાખો કિલોમીટરમાં ટેસ્ટ ડ્રાઇવ થયેલ છે. આ સંશોધન કાર્ય વિશ્વના ટોચના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવે છે ***ટીમમાં એકમાત્ર ભારતીય તરીકે જોડાવાનું એમને ગૌરવ છે.***

વિશ્વની ટોચની ટેકનોલોજી કંપનીમાં આપણા સમાજના યુવાન, સિનિયર એન્જિનિયરપદે નિયુક્ત થયા છે તે આપણા સમગ્ર સમાજ માટે ગૌરવપ્રદ છે.

**અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પુનિત સોની શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને ખજાનચી શ્રી અતુલ સોનીના સુપુત્ર છે.**

પુનિત સોનીના પત્ની મંજરી સોની પણ અમેરિકાની પ્રતિષ્ઠિત ટેકનોલોજી કંપનીમાં સિનિયર એન્જીનિયર છે. પુનિતની બંને બહેનો ફાઇનાન્સ વિષય સાથે MBA થયેલ છે. સમગ્ર પરિવાર સુશિક્ષિત અને સમર્પિત છે. પુનિત સોની તેમની સર્વે સફળતાનો યશ તેમના માતા-પિતા તથા પરિવારને આપે છે.

***પુનિત સોનીને હાર્દિક અભિનંદન તથા તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.***

***જો કોઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કે કારકિર્દી અંગે માર્ગદર્શનની જરૂર જણાય તો પુનિત સોનીના ઈ-મેઈલ punitxsmart@gmail.com પર સંપર્ક કરી શકાશે.***

## સાભાર સ્વીકાર

રૂા. ૫,૦૦૦/- **કુણાલ નરેન્દ્રભાઈ શાહ પરિવાર** તરફથી બોડકદેવ વિસ્તારમાં સિંધુ ભવન રોડ પર નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે સમાજને સપ્રેમ ભેટ. (સરનામા ફેરફારની નોંધ 'કચ્છશ્રુતિ'ના ગતાંકમાં પ્રકાશિત થઈ છે.)

ભેટ બદલ ખૂબ ખૂબ આભાર.

## ભુજમાં મેહુલ મહેતાનું વ્યવસાયિક નૂતન સોપાન

કચ્છ - ભુજ સ્થિત જાણીતા લેખક, કવિ ચંદ્રવદનભાઈ મહેતાના સુપુત્ર મેહુલ મહેતાએ ભુજમાં જ્યુબિલી ગ્રાઉન્ડમાં પરિવારજનો, શહેરના અગ્રણીઓ તથા હિતેચ્છુઓની ઉપસ્થિતિમાં આઈસ્ક્રીમ પાર્લરની શુભ શરૂઆત તાજેતરમાં કરી છે.

આ પ્રસંગે મેહુલ મહેતાને ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારજન શ્રી દીપક ચૌહાણને અભિનંદન

અમદાવાદ ખાતે ડી.એન. પોલીટેકનિક છેલ્લા લગભગ ૪૦ વર્ષથી સ્કીલ ડેવલપમેન્ટની સફળતાપૂર્વક તાલીમ આપતી એક સંસ્થારૂપે કાર્યરત છે. અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં બાપુનગર, દહેગામ, મણિનગર, મેઘાણીનગર, નરોડા, રાયપુર વિસ્તારમાં તેની શાખાઓ દ્વારા સામાજિક અને આર્થિક ક્ષેત્રે નબળા વર્ગના પરિવારજનોના ઉત્થાન અર્થે વિવિધ પ્રકારના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. દરેક તાલીમાર્થીઓ સ્વતંત્ર રીતે પ્રેક્ટિકલના ક્લાસ કરી શકે તે માટે વિદેશથી આયાત કરેલી યંત્ર-સામગ્રીઓથી સજ્જ અદ્યતન વિશાળ લેબની સગવડ પણ આ સંસ્થામાં મોજૂદ છે. આ રીતે પોલીટેકનિક દ્વારા અત્યાર સુધી ૬૦,૦૦૦થી વધારે તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યા છે. જે આ સંસ્થાની સામાજિક ક્ષેત્રે મોટામાં મોટી સિધ્ધિ ગણી શકાય. આ સંસ્થામાં કોઈપણ વ્યક્તિ જોડાઈને એન્જિનિયરીંગ ક્ષેત્ર તથા ફેશન ડિઝાઈનિંગ ટેકનોલોજી ક્ષેત્રની સંપૂર્ણ તાલીમ પ્રાપ્ત કરીને પોતાની સ્વતંત્ર કારકિર્દી બનાવી શકે છે. આ તાલીમ માટે તજજ્ઞ ફેકલ્ટીઝને આમંત્રિત કરીને સંસ્થામાં વિશેષ વાર્તાલાપ અને તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવે છે.

સંસ્થાની ઉચ્ચ પ્રણાલિકા અને ઉત્કૃષ્ટ કામગીરીને નજર સમક્ષ રાખીને વર્ષ ૨૦૧૫માં મુંબઈ સ્થિત કોમ્પ્યુટર સોફ્ટવેરની એક અગ્રગણ્ય કંપનીએ પોતાની સીએસઆર સંબંધી પ્રોજેક્ટ માટે ડી.એન. પોલીટેકનિક સંસ્થાને પસંદ કરી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ વર્ષ દરમિયાન કુલ ૩૯૦૦ તાલીમાર્થીઓને વિવિધ ક્ષેત્રની વ્યવસાયિક તાલીમ આ સંસ્થા દ્વારા આપવામાં આવી હતી.

## ડી.એન. પોલીટેકનિક - અમદાવાદને નેશનલ સીએસઆર તરફથી એવોર્ડ પ્રદાન




ઉપરોક્ત સામાજિક ક્ષેત્રની ઉમદા કામગીરીના કારણે વિજ્ઞાન ભવન, ન્યુ દિલ્હી ખાતે તા. ૨૭-૪-૨૦૧૮ના રોજ સીએમઆઈ ગ્લોબલ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે 'સોશિયલ ફૂટપ્રિન્ટ્સ - નેશનલ સીએસઆર - ઍવોર્ડસ એન્ડ સમિટ-૨૦૧૮'ના ઉજવણી સમારંભમાં અમદાવાદની ડી.એન. પોલીટેકનિક સંસ્થાને 'બેસ્ટ સીએસઆર ઈન વોકેશનલ ટ્રેનિંગ'ની શ્રેણીમાં એક ખાસ ઍવોર્ડ પ્રદાન કરવામાં આવેલ હતો. આ સમારંભમાં દેશ વિદેશના સામાજિક ક્ષેત્ર તથા કોર્પોરેટ જગતની ઉચ્ચ હસ્તીઓ ઉપસ્થિત હતી. સમારંભમાં કેટલાક દેશોના રાજદૂત તથા અમુક રાજ્યોના રાજ્યપાલશ્રીઓ મુખ્ય મહેમાનના સ્થાને બિરાજમાન હતા. જ્યારે અધ્યક્ષ સ્થાન કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધીકારિતા મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ શોભાવ્યું હતું.

આ સમારંભમાં ડી.એન. પોલીટેકનિક - અમદાવાદના મુખ્ય સંયોજક શ્રી દીપક નાનાલાલ ચૌહાણ તથા પ્રીતિ ચૌહાણે ઉપસ્થિત રહીને ઉપરોક્ત ઍવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

સંસ્થા — ડી.એન. પોલીટેકનિક તથા તેમના સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી દીપકભાઈ અમદાવાદ ખાતેના શ્રી કચ્છી સમાજની કારોબારીના સભ્ય અને શિક્ષણ સમિતિના કન્વીનરપદે છે. તેમના પિતાશ્રી પણ આ સંસ્થાના એક હોદ્દેદાર તરીકે ઘણા વર્ષો સુધી સંકળાયેલા હતા.

*જ્યારે મિત્ર પ્રગતિ કરે ત્યારે સ્વાભિમાનથી કહો કે એ મારો મિત્ર છે. પરંતુ જ્યારે મિત્ર મુસીબતમાં હોય ત્યારે ગર્વથી કહો કે હું તેનો મિત્ર છું.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારો માટે પ્રવર્તમાન વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં શિક્ષણનિધિ (વિદ્યાર્થી દત્તક યોજના) શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા જરૂરિયાતવાળા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

પ્રારંભિક ધોરણે આ યોજના અંતર્ગત ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ – એમ ત્રણ વર્ષ સુધી આ યોજનાની સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની છાત્રવૃત્તિ આપવામાં આવશે. ચાલુ શૈક્ષણિક વર્ષે ધોરણ-૯ પૂર્ણ કરી ધોરણ-૧૦માં પ્રવેશ લેતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ જ આ માટે અરજી કરી શકશે. જેમ જેમ દાતાઓનો પ્રતિસાદ વધતો જશે તેમ તેમ આ યોજનાને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે.

આ યોજનામાં મર્યાદિત વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોવાથી, કુટુંબની એક જ કમાનાર વ્યક્તિ અકાળે મૃત્યુ પામેલ હોય કે કોઈ આકસ્મિક બીમારીનો ભોગ બની હોય તેવા પરિવારોના વિદ્યાર્થીને અગ્રતા આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા આપે નીચેમાંથી કોઈ એક વ્યક્તિનો તેમના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.

*અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ 63100*

*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ 01004*

ફોન પર જરૂરી વિગતો મેળવ્યા બાદ યોગ્ય જણાશે તો જે-તે વ્યક્તિને આ યોજનાનું ફોર્મ મોકલી આપવામાં આવશે. આપે આ ફોર્મ સારા અક્ષરે ભરી, ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના કાગળો તેની સાથે જોડી તા. ૧૫ જૂન, ૨૦૧૮ સુધીમાં આ ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાના રહેશે.

પસંદગી પામેલ લાભાન્વિત પરિવારને ત્યારબાદ આ રકમ ચેક દ્વારા મોકલી આપવામાં આવશે.

**હિમાંશુ ઠક્કર**
**કન્વીનર, વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## વિદ્યાર્થી દત્તક યોજનાના દાતાશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વિદ્યાર્થી દત્તક યોજનાની અપીલને માન આપી, સમાજના નીચે મુજબના મહાનુભાવ દાતાઓએ આ અપીલનો જે પ્રતિસાદ આપેલ છે, તે બદલ આ સમાજ વિદ્યાર્થી દત્તક યોજનાના દરેક દાતાશ્રીનો આભારી છે.

સમાજ પરિવારના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓના આર્થિક પાસાઓને ધ્યાને લઈ દાતાશ્રીઓએ જે કર્તવ્ય અદા કરેલ છે એ બદલ સમાજ આ દાતાશ્રીઓને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે.

અન્ય દાતાશ્રીઓની આ શિક્ષણનિધિ માટેની પૃચ્છા આવકાર્ય છે.

### વિદ્યાર્થી દત્તક યોજનાનો સ્વીકાર કરનાર દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ★ | *શ્રી પારસ શાંતિલાલ મુળજી સાવલા* | *દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ* | *૫ વિદ્યાર્થી* |
| ★ | *શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી* | *પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ* | *૧ વિદ્યાર્થી* |
| ★ | *શ્રીમતી પુષ્પાબેન બાબુભાઈ સાવલા (હ. બીનાબેન)* | *સમાઘોઘા / મુંબઈ* | *૧ વિદ્યાર્થી* |

**હિમાંશુ ઠક્કર**
**કન્વીનર, વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન : ૨૦૧૭-૨૦૧૮

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈ પણ કચ્છી વિદ્યાર્થીને સરસ્વતી સન્માનનું ફોર્મ ભરીને સમાજના કાર્યાલય પર ત્વરીતપણે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવે છે.

તદ્દુપરાંત ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓની પણ અમુક નિયમોને આધીન ગણના કરવામાં આવનાર છે.

આથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને ઉત્તીર્ણ થયેલા તેમના પાલ્યના ફોર્મ ભરીને તરતમાં સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દરેક ધોરણના પારિતોષિકો નીચે મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| *૧.* | *ધોરણ-૧૦* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૨.* | *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૩.* | *ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૪.* | *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) તથા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.* |
| *૫.* | *ઉચ્ચ શિક્ષણ પારિતોષિક* | *કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૬.* | *વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક* | *કોઈ પણ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ અથવા સ્પોર્ટસ, કલા, વિજ્ઞાન, આઈ.ટી. તથા અન્ય વિભાગો વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર પ્રતિભાને.* |
| *૭.* | *ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ડિપ્લોમા કોર્સની કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં દરેક ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૮.* | *ધોરણ ૧ થી ૪* | *૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.* |
| *૯.* | *ધોરણ ૫ થી ૯* | *૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.* |

આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે.

વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે. એ ફોર્મ વહેલી તકે ભરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

**દીપક ચૌહાણ**
**કન્વીનર : શૈક્ષણિક સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનાઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી દરેક ધોરણ તથા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ સહિત લગભગ દરેક ફેકલ્ટીને આવરી લેતી સન્માનની યોજના દાખલ કરેલ છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને મોટાભાગના પરિવારોના બાળકો આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પણ અનેક વિદ્યાર્થીઓના સન્માનનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

***સરસ્વતી સન્માનની અનેક યોજનાઓના સૌજન્યનો લાભ બાકી રહે છે. નીચે આપેલ વિગત પ્રમાણેના ધોરણોના સન્માનના સૌજન્યનો લાભ લેવા સમાજના ઉદારદિલ સભ્યોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.***

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ (૧૦ વર્ષની અવધિ) | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ – ૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ – ૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ – ૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ – ૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ – ૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ – ૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાના ફલકને વિશાળ સ્વરૂપ આપેલ હોવાથી, આ યોજનામાં સહયોગ આપવા દરેક ઉદારદિલ પરિવારને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## સરસ્વતી સન્માન યોજના : લાભ લીધેલ દાતાશ્રીઓની નામાવલી

- ★ *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : મંજુલાબેન હરખચંદ સાવલા*
- ★ *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : નરેન્દ્ર છગનલાલ શાહ*
- ★ *ઉચ્ચ અભ્યાસ શ્રેષ્ઠતા પારિતોષિક (સ્પેશિયલ એચિવમેન્ટ) : ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ*
- ★ *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક : ઝવેરબેન રંગવાલા*
- ★ *ધોરણ-૯ શ્રેષ્ઠતા પારિતોષિક : શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ)*
- ★ *ધોરણ-૮ શ્રેષ્ઠતા પારિતોષિક : વિમળાબેન શાંતિલાલ શાહ*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## એપ્રિલ - ૨૦૧૮

★ **ગુરુવાર, તા. ૧૨-૪-૨૦૧૮**

- આજરોજ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ સમાજ પર મળેલ હતી. ૧૩ સભ્યોની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી. (૧) આ મીટિંગમાં વિદ્યાર્થી દત્તક યોજના મંજૂર કરવામાં આવી. વિદ્યાર્થી દત્તક યોજના સમિતિના કન્વીનર તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કરની વરણી કરવામાં આવી. (૨) નોટબુક યોજના શ્રી કચ્છી સમાજ - અમદાવાદે જાતે ના કરવી તેવું નક્કી કરવામાં આવ્યું. (૩) શ્રી કૈલાસદાન ગઢવીનું ટ્રસ્ટી તરીકે આવેલ રાજીનામુ નામંજૂર કરવામાં આવ્યું. (૪) સમાજ માટે આર્થિક અનુદાન કઈ રીતે મેળવવું તેની ચર્ચા કરવામાં આવી. (૫) આર્થિક અનુદાન મેળવવાના મુદ્દે તા. ૨૧-૪-૨૦૧૮ના રોજ ફરી મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **શુક્રવાર, તા. ૧૩-૪-૨૦૧૮**

- (૧) તા. ૧૨-૪-૨૦૧૮ની સંયુક્ત મીટિંગની મિનિટ્સ બંને બુકમાં લખવામાં આવી. (૨) તા. ૧૨-૪-૨૦૧૮ની મીટિંગમાં શ્રી કૈલાસદાન ગઢવીનું ટ્રસ્ટી તરીકે આવેલ રાજીનામુ નામંજૂર કરવામાં આવ્યું તેના અનુસંધાને તેમને પત્ર લખવામાં આવ્યો. (૩) શ્રી હિમાંશુ ઠક્કરને વિદ્યાર્થી દત્તક યોજના સમિતિના કન્વીનર તરીકે આગળની કાર્યવાહી શરૂ કરી દેવા પત્ર લખવામાં આવ્યો. (૪) શ્રી ભરતભાઈ ઓઝાને બાકી રહેતી ઉઘરાણી વિશેની માહિતી આપતો પત્ર લખવામાં આવ્યો. (૫) તા. ૨૧-૪-૨૦૧૮ની ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગનો એજન્ડા બધા ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓને વોટ્સ ઍપ કરાવવામાં આવ્યો.
- નવનીતમાંથી શ્રી સાત્વિક પટેલ નોટબુકના સેમ્પલ લઈને રૂબરૂ મળવા આવેલ હતા.

★ **શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઉઘરાણીનું લિસ્ટ તૈયાર કરી શ્રી અતુલ સોની, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી જગદીશભાઈ ઠક્કર પર મોકલી આપવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૧૬-૪-૨૦૧૮**

- તા. ૨૧-૩-૨૦૧૮ના ધારાસભ્યશ્રીઓના સન્માન તથા ચિંતન શિબિરના સમયે ઉપસ્થિત કચ્છી મહાનુભાવો તરફથી જે પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા હતા તે પ્રશ્નોની વિગતવાર માહિતી આપતો પત્ર દરેક ધારાસભ્યશ્રીઓને મોકલી આપવામાં આવ્યો. ચિંતન શિબિરના સમયે જે ૭ મહાનુભાવોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા એ ૭ મહાનુભાવોને પણ આ પત્રની કોપી મોકલી આપવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૧૯-૪-૨૦૧૮**

- શ્રી અતુલભાઈ સોનીએ વર્ષ ૨૦૧૭-૧૮ના ખર્ચના વિભાગવાઈઝ આંકડાઓ તૈયાર કર્યા.

★ **શુક્રવાર, તા. ૨૦-૪-૨૦૧૮**

- શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી રાજુભાઈ શાહે સાથે મળીને અંદાજિત બેલેન્સ શીટ તૈયાર કરી, બધી વિગતો ઈન્કમટેક્ષ કન્સલ્ટન્ટને ત્યાં મોકલી આપવાની તૈયારી કરી.

★ **શનિવાર તા. ૨૧-૪-૨૦૧૮**

- આજરોજ ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ સમાજની ઓફિસ પર મળેલ હતી. લગભગ ૧૧ વ્યક્તિ ઉપસ્થિત રહેવા પામેલ હતી. સમાજના આર્થિક પાસા વિશે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. ચાલુ વર્ષની સમાજની જરૂરિયાતને પહોંચી વળવા ૧૫ જેટલા વિવિધ મહાનુભાવોનો સંપર્ક સાધવાનું નક્કી કરવામાં આવ્યું. તેના માટે શ્રી જગદીશભાઈ ઠક્કરના કન્વીનરપણા હેઠળ એક સમિતિની પણ રચના કરવામાં આવેલ હતી. આ મીટિંગ દરમિયાન સમાજના કેટલાક ખર્ચ ઘટાડવાના પણ સૂચન કરવામાં આવેલ હતા.

★ **શનિવાર, તા. ૨૮-૪-૨૦૧૮**

- શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર તથા શ્રી જગદીશભાઈ ઠક્કર આજરોજ રૂબરૂ મળેલ હતા અને સમાજના પ્રવર્તમાન સંજોગોના વિવિધ પાસાઓને આવરી લઈ રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની આજરોજ એક મીટિંગ મળેલ હતી. પરંતુ મોટાભાગના સભ્યોની અનુપસ્થિતિમાં આ મીટિંગને મુલત્વી રાખવામાં આવેલ હતી. ■

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૭-૧૮

છાત્રની તસવીર

Name of the Student : Father / Husband's Name Surname
છાત્રનું પૂરું નામ : ________ પિતા / પતિનું નામ : ________ અટક : ________

Address / સરનામું : ________

________

Mobile / Contact No. / મોબાઈલ / સંપર્ક નંબર : ________

E-mail / ઈ-મેઈલ : ________

Gnati & Samaj's Name
જ્ઞાતિ અને સમાજનું નામ : ________

Date of Birth : જન્મ તારીખ : ________ Age / ઉંમર : ________

Last Academic Degree :
છેલ્લા અભ્યાસક્રમની / ડિગ્રીની વિગત : (૧) ધોરણ ૧ થી ૯ અથવા ધોરણ-૧૧ ________
(૨) ધોરણ ૧૦ અને ૧૨ ________
(૩) ડિગ્રીની વિગત ________
(૪) ડિપ્લોમાની વિગત ________

Name of University / College / School
યુનિવર્સિટી / કૉલેજ / શાળાનું નામ : ________

Result : Year of Passing
પરિણામ ________ ઉત્તીર્ણ થયાનું વર્ષ : ________

Total Marks : Obtained Marks Percentage / Grade
કુલ માર્કસ : ________ મેળવેલા માર્કસ : ________ ટકાવારી / ગ્રેડ : ________

Details of other Professional Courses or any special achievement, if done.
અન્ય કોઈ પ્રોફેશનલ કોર્સ કર્યો હોય અથવા કોઈ ક્ષેત્રમાં ખાસ ઍવોર્ડ / સન્માન / મેડલ પ્રાપ્ત કર્યા હોય તો તેની વિગત

________

________

________

- ઉપરોક્ત લાભ લેવા અર્થે પરિવારના કોઈ સભ્ય સમાજના નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.
- આપના પરિવારમાંથી નોંધાયેલ સભ્યનું પૂરું નામ કચ્છમાં ગામ નોંધણીનું વર્ષ વગેરે વિગત આપવી.

  સભ્યનું પૂરું નામ : ________ કચ્છમાં ગામ : ________ નોંધણીનું વર્ષ : ________
- સમાજ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના આપ સભ્ય છો? હા / ના.

*Applicant's Sign.* / વિદ્યાર્થીની સહી *Parent/Guardian's Sign.* / પેરેન્ટ ગાર્ડિયનની સહી

# સૂચના

૧. એક ઘરમાં એકથી વધુ વિદ્યાર્થી હોય તો સૌપ્રથમ ફોર્મની ઝેરોક્ષ કરાવવી અને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના અલગ અલગ ફોર્મ ભરવા.

૨. ફોર્મમાં જણાવેલ વિગત સંપૂર્ણ અને સારી રીતે લખવી.

૩. યોગ્ય કિસ્સામાં માર્કશીટ / રીઝલ્ટની ફોટો નકલ, ફોર્મ સાથે અવશ્ય મોકલાવવી.

૪. ફોર્મની વિગત બરાબર તપાસીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા સાથે સમાજના કાર્યાલય પર મોકલાવી આપશો.

૫. શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ઉચ્ચત્તમ સ્થાન મેળવીને મેડલ / ઍવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત અલગ પત્રમાં જણાવવી.

૬. શિક્ષણ સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈપણ સ્થળે માન, સન્માન, ઍવોર્ડ, મેડલ વગેરે મેળવેલા હોય તો તેની વિગત પણ અલગથી જણાવવી.

૭. સંપૂર્ણ વિગત અને જરૂરી બિડાણ સાથે ફોર્મ સમાજના કાર્યાલય પર **તા. ૧૫-૦૭-૨૦૧૮ સુધી** મોકલાવી આપવું.

૮. આપના પરિવારમાંથી કોઈપણ એક સદસ્ય આ સમાજમાં નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS**
CAGES

- CYLINDRICAL ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES
- TAPER ROLLER CAGES

**STEEL**
CAGES

- DEEP GROOVE CAGES
- TAPER ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES

**POLYAMIDE**
CAGES

- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- TAPER ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES

**STAMPED**
COMPONENTS

- AUTOMOTIVE INDUSTRY
- BEARING & SEALING
- ELECTRICAL & APPLIANCE INDUSRTY
- SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 26, Maoao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineerscn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફૂલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જીનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટેટ્રીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ [illegible] ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH ES | GreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

**Mahendra Sangoi**
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરુણા અહિંસા ગુંદી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(ગુંદી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૬, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ... મેન્શન, ... ની બાજુમાં, ... સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૯૯૩૮૦૭૦૦
કાર્યક્ષેત્ર : ગામ - ગુંદી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૯૦

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE
**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
www.comfortinstapower.com

DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Trnasformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDIRTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office Vadodara, Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9825... | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION**
**AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email : dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 ● M. : 9909444599 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad : Kamal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 126 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Phone # 91-79-27571128
Fax # 91-79-27550444
Email info@deepindustries.com

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
**RUDANI**
**INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)